# આબાદ ડિટેક્ટીવ




" ... મારે ... વાત કરવી છે. આ બાઇને આપ બહાર જવાની રજા આપશો. " (પાનું. ૭૪)

આ ડીબાચો બાબુ પ્રી. પ્રેસમા છાપ્યો ઠે. રીચીરોડ—અમદાવાદ.

# (વાંચો) સચિત્ર ધાર્મીક પુસ્તકો.

નરસીંહ મહેતો ભાગ ૧-૨
સચિત્ર દરેકના ૦-૧૦-૦
મીરાંબાઈ ભાગ (૧-૨)
સચિત્ર દરેકના ૦-૧૦-૦
રામલીલા ભાગ ૧-૨
સચિત્ર દરેકના ૦-૧૦-૦
વીણાવેલી ભાગ ૧-૨
સચિત્ર દરેકના ૦-૧૦-૦
સતિ દ્રૌપદી સચિત્ર ૦-૧૦-૦
મદાલસા ભાગ ૧-૨ સંપુર્ણ
સચિત્ર કીં. ૦-૧૦-૦
રાજ કઠીઆરો ૧—૪-૦
રક્ષક કે ભક્ષક ? ૦-૧૦-૦
સતિ સીતા સચિત્ર ૦-૧૦-૦
પતિનારાયણ વૃત ૦—૬-૦
સત્યનારાયણની કથા ૦—૬-૦
સદગુણી વારાંગના ૦-૧૦-૦
બત્રીસ પુતળીમાંની જુદી
જુદી વાર્તા ૧-૧૦ ભાગ
સચિત્ર દરેકની કીં. ૦-૮-૦
કામલત્તા સચીત્ર ૦—૮-૦
સમાજનો શીકાર ૦-૧૦-૦

સત્યવાદી હરિશ્ચંદ્ર ને તારા-
મતી સચિત્ર ૦-૧૦-૦
ચિતોડનો કરણ કીં ૦—૮-૦
પ્રતાપી પ્રમિલા કીં. ૦-૮-૦
રૂપિરાજનાં પદ કીં ૦-૮-૦
ચતુર સ્ત્રી વિલાસ ગરબાવળી
(લગનનાં ગીત સાથે) ૦-૮-૦
જુલ્મી જનેતા યાને પરિવર્તન
સચીત્ર ૦-૧૦-૦
હિંદુ સંસાર સચીત્ર ૦-૧૦-૦
જીવતી ચુડેલ સચીત્ર ૦-૮-૦
રાજા હરિશ્ચંદ્ર હરીગીતમાં
સચીત્ર ૦-૬-૦
બોડાણો ભાગ ૧-૨
સચીત્ર દરેકના ૦-૬-૦
પવિત્રકુમાર સચીત્ર ૦-૧૦-૦
પારસમણી ૧૯૨ પાનાં ૦-૮-૦
,, મોટી ૨૫૬ પાનાં ૦-૧૦-૦
ભક્તશીરોમણી પાનાં ૧૯૨
કીં. ૦-૧૦-૦
ઝેરી ઝવેરી ૦-૧૦-૦
એકજ પૈસા કીં. ૦—૮-૦

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराअिट विभाग ]

अनुक्रमांक ૧૨૭૭૫ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय द : २

૧/૧૯૨૯ ૩૧-૩-૧૯૨૯

# આબાદ ડિટેકટીવ

૨૨૭૭૬

અથવા

# દેવેન્દ્ર ડિટેકટીવ.

(ભેદ ભરમોથી ભરપુર ડિટેકટીવ
નવલ કથા.)


લેખક :
"પ્રહ્લાદ" દામોદરદાસ બ્રહ્મભટ્ટ.
અમદાવાદ



પ્રકાશક
રણછોડલાલ મોતીલાલ શાહ.
રીચીરોડ—અમદાવાદ



(સર્વ હક્ક પ્રકાશકાધીન છે.)



સને ૧૯૨૬ પ્રત ૨૦૦૦.


મુલ્ય ૦-૯-૦

૭૬ ૧૧ ૮ ૧૬
ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ

# આબાદ ડિટેકટીવ

અર્થાત્

# દેવેન્દ્ર ડિટેકટીવ

( ભેદ ભરમોથી ભરપુર ડિટેકટીવ નવલ કથા )

પ્રકરણો

| | | | |
|---|---|---|---|
| ૧ | લું. | .... | કાળા કારસ્થાન ! |
| ૨ | જું. | .... | અજબ ભેદ ! |
| ૩ | જું. | .... | દેવેન્દ્ર ફસાયો ! |
| ૪ | થું. | .... | ભોંયરામાં. |
| ૫ | મું. | .... | આ શું ? |
| ૬ | ઠું. | .... | હવે શું કરવું ? |
| ૭ | મું. | .... | રાધાનો છુટકારો ! |
| ૮ | મું. | .... | પાપીની નીષ્ફળતા. |
| ૯ | મું. | .... | રંભાનું મરણ ! |
| ૧૦ | મું. | .... | પાપની સજા. |
| ૧૧ | મું. | .... | ઉપસંહાર. |

ખાડીઆ–ગોલવાડ
અમદાવાદ.

કર્તા
પ્રહ્લાદ દામોદરદાસ બ્રહ્મભટ્ટ.

અમદાવાદ—પાનકોરના નાકે
" મનહર " પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપી.

# આબાદ ડિટેકટીવ

અથવા

# દેવેન્દ્ર ડિટેકટીવ

## પ્રથમ પ્રકરણ.

### કાળા કારસ્થાન !

બરાબર રાત્રીના નવ વાગ્યાનો સુમાર છે. શીયાળાની સખ્ત ઠંડી પડતી હતી. લોકો સાલ, દુસાલા: તેમજ મોજા, વીગેરે પહેરીને ફરતા હતા. રાત્રે સીનેમા તરફ ઓડીયન્સ પણ નહી જેવુજ હતું. હોટલોમાં પણ માણસો ગણત્રીના હતા. રાજનગરમાં હરરોજ રાત્રે મીલોનું તથા બીજુ કામ ધંધાવાળુ માણસ હંમેશા રાત્રે બરચક રહેતું. પણ શીયાળાની રૂતુ તેમાં વળી મકરસંક્રાતી એટલે હમણા હમણા ઠંડીનું જોર વધતુંજ હતું.

આ વખતે અમદાવાદની રીચીરોડ પરની એક હોટલમા ત્રણ માણસો બેઠા બેઠા વાતો કરતા હતા તેમના એકે માથેથી ટોપી કહાડી ટેબલ પર મુકી હતી. અને થોડી ઘણી વાત કરતા કરતા તેને ચાળા કરવાની અર્થાત તો ટેબલ પર હાથ પછાડવાની ટેવ હતી. તે ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે તે બધાનો સરદાર હશે.

"અલ્યા ત્રણ પાસેરની?" તેણે હોટલવાળાને હુકમ કર્યો ને હોટલવાળો પણ ચા લેવા તરતજ દોડયો ગયો. યથાસમયે ચહા આવી ખડી થઇ ત્રણે જણા એ ચહાને ઇન્સાફ આપવા લાગ્યા.

"હમણા. ઠંડી બહુ પડે છે કેમ? સૂર્ય ખરૂંને?" પેલા સરદારે પુછયું.

"હા! હમણા ઉતરાયણ પાસે આવતી હોવાથી તેમ થાય છે ખરૂં?" પેલાએ કે જેનું નામ તેણે સૂર્ય કહ્યું તેણે જવાબ આપ્યો

"ઠીક! પણ રામું તેં શું કર્યું? ચાલને આપણે આપણી મુદ્દાની વાત પર આવીએ!" તેણે મુદ્દાની વાત પર આવતા આવતાં પુછયું.

"તેણે મને કહ્યુ કે × × × × તો આપેલા ટાઇમસર આવીશ રામુએ જવાબ આપ્યો.

"એમ-કે? તે આવશે તો ખરાને?" તેણે હર્ષિત થતા પુછયુ.

"હા? નામવર? પછી તો તે જાણે?"

"ઠીક? જો આટલું કાર્ય પાર પડે તો? જાણે સોમ નાણા?" સરદારે કહ્યું.

"ખરી વાત છે? કર્યું એટલું કરવું ઓછું?" રામુએ સાક્ષી પુરી.,

પણ રાસુ, જો તેમ થાય તો મીત્ર? તમને બધાને ન્યાલ કરી નાખુ?

અને આપ નામદાર પણ......

હું તો અમેરીકાજ જાઉં? આવા નાલાયક અને ઇડીયટ દેશમા રહેવા કરતા ત્યાં રહેવું ઘણુંજ સારૂં છે? શું હીંદુસ્થાનના રીવાજો? રામુ જો આમને આમ ચાલશે તો હીંદુસ્થાન જંગલી ગણાશે. જંગલી તેણે કહ્યું.

પ્રિય? પાઠક આવા પણ અકર્મી, દેશમા પાકતા હશે? જે દેશમા પોતે જન્મ્યો તે દેશને ખરાબ ગણે છે અને પશ્ચિમાત્ય દેશોને સુંદર ગણે છે! પણ મને તો ખબર નથી પડતી કે તેમા શું ભર્યું છે. તેમની કઇ પ્રથા પર આ સાહેબ મોહીત થયા છે? ખરેખર—

જન્મી જગતમાં માનવી તેં દેશ કારણ્ કાઇ કીધું?
કહાડ જે હિસાબ તેનો મુત્યુ ને શોધતાયતું?
કે ધીક્કારને ફીટકારથી તેં માતને લજવાવી છે?
કે કરી કાઇ પુન્યદાન તેં માતને દીપાવી છે?

ઠીક ગમે તે હો પણ આપણે શું? ચાલ આપણે આપણી વાર્તા પ્રવાહમાં ચાલીએ.

આ વાત ચીત કરતા ત્રણે મીત્રો હોટલમાથી બ્હાર નીકળ્યા. ત્યા હોટલવાળાનો હીસાબ ચુકવી. તેઓ રાજમાર્ગપરથી બીજા રસ્તા તરફ વળ્યા ત્યા તે સીગરેટના ધુમાડા કહાડતા ઉભા રહ્યા.

વખત થયો ?ઘડીઆળ જોઇ તેણે કહ્યું

હા તો હમણા આવતા હશે તેના સાથીદારે જવાબ આપ્યો.

ઠીક ત્યારે આપણે રાહ જોઇને ઉભા છીએ.

એમ વાત કરતા કરતાં દશ વાગ્યા. શીયાળાની ઠંડી રૂતુ અને વળી તેમા અમાસની અંધારી રાત !

દશવાગ્યા ! પણ હજુ સુધી કોઇ આવ્યું નહી ? તેં બરાબર વખત આપેલ કે નહિ ? રામુ વરફ જોઈ તેણે કહ્યું.

હા. જી ! મે તો વખત આપ્યો હતો પણ તે ન આવે તેમા હું શું કરૂં ? રામુએ કહ્યું.

વારૂ ત્યારે તમે ઘર તરફ જાઓ ? હું આવું છું ? તેણે કહ્યું

અને જોત જોતામાં સર્વ ત્યાંથી વિખરાયા. પણ ! રામુ ? તમે ત્યાંજ રહેજો ! તેણે કહયું.

વારૂ ? આપ સાહેબનો હુકમ શીરસાવંદ્ય છે ?

એમ ત્રણે જણ પોતપોતાના માર્ગે પડી ગયા. રામુ તો સીધોજ તેના બતાવેલ ઠેકાણે ગયો અને સૂર્યને તેની તપાસ કરવા મોકલ્યો.

" કેમ કેશવપ્રસાદ કયા ચાલ્યા ?

કોણ વીનુ ?

હ. ?

કા......ઇ......ન......હી...જરા કામ સર ? ભાગ્યા તુટયા અવાજે તેણે જવાબ આપ્યો

કેશવપ્રસાદે આખરે પોતાનો આ વિચાર મોકુફ રાખ્યો. અને આડાઅવળા રસ્તે થઇ તે તેના ઘર તરફ પ્રયાણ કરી ગયો.

જો. ભઇયા કોઇપણ આવે તો ? મારી રજા વગર તેને આવવા દેતા નહી ?

બ્હોત અચ્છા ? ભઇયાએ જવાબ આપ્યો.

હંમેશા પાપીઓના દીલ બીકણ અને બીકથી ભરેલાજ હોય છે?

કેશવપ્રસાદનો વિચાર જરી દારૂ ચડાવવાનો હતો. પણ શ્રીમંત માણસોમાં તેવી ગણત્રી થતી હોવાથી તે કદાચ. કોઈના જાહેરમા આવે તો ફજેતી થાય ! પણ તેને શું ખબર કે ? પાપ છાપરે એસીને પોકારે છે ? હશે તે આગળ ઉપર ઘણું જણાશે ?

રામુના વાયદાનો વખત થઇ ગયો પણ હજુ ના આવી? કેશવ-પ્રસાદ કે જેને આપણે પ્રથમ સરદાર ગણતા હતા તેણે કહ્યું

હાજી ? હવે તેમની આશા રાખવી પણ વ્યર્થજ સમજો સરકાર ? રામુએ કહ્યું.

· તો–તો ધાર્યું બધું ધુળ મળે ?

નારે ? હજી કયા વખત વહી ગયો છે ? આજ નહીતો કાલ ?

હા. ? પણ તે હવે ચોકસ કર્યે છુટકો ?

હા. તે તો ખરૂં ! કરવું તો પડશેજ ?ને તોજ આપણે ભવિષ્યમા સુખથી રહી શકીએ ?

નહિતો વગર મોતે મરીએ ? અને ઇજતનુ લીલામ થાય તે જુદું ?

હા. ખરી વાત છે ? બદમાશ પોલીસો તો છોડે નહી ? પણ તેમને તો કેટલાક વખત માટે તો કબજે રાખી શકું ? કારણ કે તેતો પૈસાના ગુલામ છે ! ગુલામ ?

જેવી સરદારની મરજી ? રામુએ જણાવ્યુ.

ઠીક પણ જાતો પેલા કબાટમાથી એક્ષટ્રા લાવ તો ?

પણ ? અત્યારે કદાચ તે આવશે તો ? રામુયે સંસય બતાવ્યો. તો શું ? તે કાંઇ આપણી રાજા છે ? આવશે તો તેને પણ છાંટો આપશું ?

ઠીક ? આમ કહી રામુએ એક્ષટ્રા દારૂની બાટલી લાવી રજુ

કરી કબાટના ખાનામાં સોડા પણ તૈયાર હતી. કારણ કે જે વ્યસની છે તેને તો સર્વ વસ્તુ તૈયારજ હોય ?

સોડાની બાટલી ફુટી અને બન્ને ગ્લાસોમા દારૂ રેડાયો. બન્ને જણાએ મધુપાન કર્યો. અને ત્યા પડેલી આરામચેરમા તેઓ સીઝરના ધુમાડા કહાડવા લાગ્યા.

તેવામા રજ પગલાનો અવાજ થયો. પ્યાલા તરતજ સતાડયા અને તો જોતજોતામા ભઇયો આવી પહોચ્યો. સા—બા સુરય આણા મંગતા હૈ ?

બ્હોત અચ્છા ઈનકુ આના દો !

અને તરતજ ભૈયો રવાના થયો. થોડીક ક્ષણમા સૂર્ય આવી પહોચ્યો.

કેમ સૂર્ય ? શા સમાચાર?

હવે તો બે વાગે.

ચોક્કસ.

હા.

વારૂ. ત્યારે તો આપણું નશીબ તેજદાર છે.

"પણ તેમા તેનો શું દોષ? બદમાશ પેલો * * * હોય છે ને?

હા આજ તેના માટે તો મહેનત થાય છે ! કેશવપ્રસાદે જવાબ આપ્યો.

બરાબર રાત્રીના બાર વાગ્યાનો અમલ થઇ ચુકયો છે હોટલો પણ બંધ થઇ ગઇ હતી. જ્યા રાત્રીના નવ વાગ્યાના સુમારે ભરપુર વસ્તી ન હતી ત્યા રાત્રીના બાર વાગે કયાથી હોય ?

બરાબર આજ વખતે એક વ્યકતી પુર ઝડપથી રસ્તા પરથી

ચાલતી જતી હતી. ચાલવામા કાંઈ ભય હતો ચાલતા ચાલતાજ તે અવારનવાર પાછુ જોયા કરતી હતી.

આમ કરતા કરતા તે કેશવપ્રસાદના ઘર સુધી આવી પહોચી. આ વખતે દ્વારરક્ષક ભઇયો ઉંઘમા હતો. આવનાર વ્યકતીએ ગજવા:- માંથી પોકેટ લેમ્પ સળગાવ્યું ને ઓરડીમા નજર કરતો ભઇયો મ્હોડે માથે ઓઢીને સુતો હતો તેણે તરતજ ઝાપો ખોલ્યો. અને પાછો જોતજોતામા બંધ કરી તે વ્યકતી પુર ઝડપથી તે આગળ વધી.

પૈસાદારના ઘરમા વાડોવાળી રાખેલી જગ્યાઓમા તેઓ તેનો ઉપયોગ બગીચા બનાવવામા કરે છે. તેમ કેશવપ્રસાદે પણ કર્યું હતું. ચોવચ ફુવારો હતો તેના ઉપર શીલાલેખ હતો. તેમા આ પ્રમાણે લખ્યું હતું.

કેશવ–વીલા ગાર્ડન અને આજુબાજુ બાકડા ગોઠવેલા હતા. ઉનાળામા આનો દેખાવ ખરેખર આખને ગમે તેવો થતો હશે. જનાર માણસ પણ ક્ષણભર તેના તરફ આકર્ષાઇને જોઇ રહે. તેવો હતો.

આવનારે તે તરફ કાઇ પણ નજર ન કરતા મકાનના પગથીઆ ચડવા માડી ત્યા પણ માણસો ઉભા હતા. પણ તે ઉંઘમાજ ડોલતા હતા. આવનારે તે માણસોના મુખપર તેજ ફેંકયુ અને થોડી ક્ષણ ત્યાં ઉભી રહી અને સ્વગત હસવા લાગી અને છેવટે તેણે ફીકકુ હાસ્ય કરી જવા માડયુ.

હં ? આ તે શું ધાડ મારે તેવા છે હુ આટલે આ ... કાય કોને ખબર છે ? તો પછી આ તે શું ધાડ મારવાના છે માણસો તેવા જોઈએ કે કુતરા જેવા ગમે ત્યારે પણ જાગતા ? આમ બોલતી ચાલતી તે દાદર પર આવી તે દાદર કે જે જ્યાં આપણા કેશવપ્રસાદ

હતા ત્યાં જતો હતો. પુર જોશથી તે ઉપર ચઢી ગઇ અને દીવાન ખાનામાં આવી નજર કરી તો કોઇ ન હતું તેથી તેણે તરતજ જોડેના રૂમમાં નજર કરી તો બન્ને જણા સુતા હતા.

" પાપીઓએ નીશો કર્યો લાગે છે ! " સ્વગત બોલીને તરતજ રૂમમાં દાખલ થઇ અને થોડીક ક્ષણ આ બંન્ને તરફ ટીકી ટીકીને જોઇ રહી! "આ શું કોઇ ? જો તેમનું ખૂન કરેતો!" તેવામાં તરતજ તેણે રામુને લાત મારીને ઉભો કર્યો અને રામુ પણ ઝડપથી ઉભો થઇ ગયો.

" કું-કોણ? " રામુએ આંખ ચોળતા ચોળતા પૂછયું પણ તરતજ તેની જાણમાં આવ્યુ. અને તેણે પૂછયું " કેમ આટલા બધા મોડા ? "

" કેમ ! મેં કહેવડાવ્યું હતું ને ? " કહ્યું નહોતું ? તેણે પૂછયું

" હા " આ વાતચીતથી કેશવપ્રસાદ તરતજ જાગી ઉઠયા અને તેને જાગેલા જોઇ તે બોલી.

" ઓહ ! વોટ ! એમ આમ સોલેટ ટુનાઇટ.

" તે તું તારા દાલનેજ પૂછને ! રાત્રીના નવનો વાયદો અને એ વાગે આવું તે કેમ પાલવે ! " કેશવપ્રસાદે કહયું

" હંમેશા પાપી પીશાચો કે જે હંમેશા કાળા કૃત્યો કરનારા હોય છે તેમને તો રાત્રેજ કર્યે છુટકો ઘુવડ હંમેશાં રાત્રેજ દેખે કારણ કે તે અપવિત્ર છે! તેનાથી સૂર્યનું તેજ સહન ન થાય ! તેમ બદમાશ લુચ્ચા લફંગા માણસો કાળા કાર્યો કરવાને રાત્રેજ કરી છુટ્ટથાય છે,

" ઠીક ! પણ રાત્રે તમોએ મને કેમ બોલાવવા મોકલીએ. તેણે પુછયું.

" જખ મારવા ? " કેશવપ્રસાદે ગુસ્સે થતા કહ્યું,

" ના ના તો પણ ? વાતને અને ગુસ્સાને બદલવા તેણે પૂછ્યુ'.

" આપણા માર્ગનો કાંટો ચોકખો કરવા ! અને તને સુખી કરવા ! કેશવ પ્રસાદે કહ્યુ'

" એટલે ? તેણે કહ્યું

" એટલે એજ કે !

પણ મને આમ ગોળ, ગોળમા ખબર નથી પડતી. માટે કૃપા કરી ચોકખુ જણાવો ! તેણે કહ્યું.

આ કાગળપર સહીઓ કરી આપે ! અને તે ન થાય ખૂન કરવુ' ? કેશવપ્રસાદે પોતાનો નીચ વિચાર જણાવ્યો.

અરે ! કેશવપ્રસાદ ! તેનાથી શું ફાયદો ? જો જાહેર થસે તો તમે અને હું બેય વગર...............
અમે ખૂબ વિચાર કર્યો હશે ! પછીજ આ કામ હાથ ધરવા તૈયાર થયા હશું ? બોલ ! તારો શું વિચાર છે ? કેશવપ્રસાદે લંબાણુ કહયા પછી છેવટનો વિચાર જાણવાના હેતુથી પૂછયું.

મારો વિચારતો * * * * કરવાનો સાફ ના છે ! સહી કરી આપે કે નહિ તે તો તે જાણે કારણે કે તે હવે ઉમર લાયક થયો છે !

અને તેથીજ આ કાવત્રુ' કરવુ' પડે છે ને ! તે ઉમર લાયક

થયો છે ! અને હવે જ્યારે તેને કબજો મરશે ત્યારે આપણાથી કાઇ આવી મોજો ભોગવી શકાયકે ? કેશવપ્રસાદે કહયું.

એટલે તમારી મોજમજાહ ખાતર હું મારા × × × × નુ ભુડું કરૂં મને ખાત્રી છે કે તે કદી પણ મને તરછોડનાર નથી ! તે સ્ત્રીએ દ્રઢતાથી કહયુ.

એમકે ! ગમે તે હો ! ભલે તને જાળવે ! પણ આપણા ભવિષ્ય માટે તું શું કહે છે ? તેજ હું જાણવા માગુ છું ? કેશવ-પ્રસાદે ક્રોધીત થઇને કહયુ

ના—ના—હુ ધસીને નાજ પાડુ છું ! પિશાચો તમારી આવી વૃતિમા કદી પણ સામેલ થનાર નથી ! તેણે હિમ્મતથી ઝુંઝતા ઝુઝતા કહયું

લે ! જરા પીને શાત થા ! હમણા તું અકળાઇ લાગે છે ! કેશવપ્રસાદે દારૂની પ્યાલી ધરતા કહયુ.

નરાધમો તમેજ પીઓ ! અને મઝા કરો ! તેણે કહયું.

એમકે ? ઠીક હમણા નહી પણ પછી તુ વિચાર કરીને જવાબ આપજે ! પણ એટલું યાદ રાખજે કે, તમારૂં ભવિષ્ય ન બગડે ! કેશવપ્રશાદે તેને વિચાર કરવા માટે વખત આપતા કહયું.

હું બરાબર જાણું છું કે મારૂં હીત શામા છે ? તે સ્ત્રીએ કહ્યું ત્યારે અત્યાર સુધી તું તારા ડાહાપણને કયા મૂકાવી આવી હતી ? નરાધમ ! પાપી ! તુંકારાથી બોલાવતા વિચાર કર !

આટલું બોલી પ્રાતઃકાળ થતો હોવાથી તે ચાલતી થઇ અને નરાધમો તેના વિચાર કરતા પાછળ જોઈ રહયા.

રાસુ ? બીડીનો ધુમાડો કહાડતાં કહાડતા તેણે પૂછયું.

જી ! શો હુકમ છે ? રામુએ જવાબ આપ્યો.

મારૂં તો ધારવું છે કે ! આ કામ હવે આપણેજ કરવું પડશે ! અને તેમ કરશુ તોજ ફાવશું ? કેશવપ્રસાદે કહયું.

હા ! તેમજ કરવું પડશે. ! પણ સરદાર એક વાતમા મને શંકા થાય છે ? રામુએ કહયું

શું ? કેશવપ્રસાદે પૂછયું

તે એજકે ધારો કે તેણી તમામ બીના પોલીસ અમલદારને વિદિત કરે તો ?

તો—તો તેનું પણ આવી બન્યુ સમજો ! પણ તે કરેજ નહિ ? કારણ કે તેનો તમામ હેવાલ મારા જાણવામા છે ! તેનું તમામ ભવિષ્ય અને ઇજત પણ કેશવપ્રસાદના હાથમાં છે ! દોસ્ત ! શું કેશવપ્રસાદ કાંઇ કાચી મુતીં ન હોય ? કેશવપ્રસાદે પોતાના બણગા ફુંકવા માડયા.

શાબાસ ! મારા વીર સરદાર ! તો પછી આપણે શામાટે આળસ રાખવી ! તેણે તેને ઉત્તેજન આપું.

પણ તે સુરત જનાર છે !

તો એમ કરોને કે ? અહમદખાને સુરત મોકલો ! અને ત્યાજ તે કામ પાર પાડે ! તે ન બને તો પછી આપ જજો ! રામુએ અકલ દોડાવી.

વાહ ! વાહ ! ઘણી મજાની વાત ! કેશવપ્રસાદે કહયું.

એટલામાં પ્રાતઃકાલ થવાથી બંન્ને માટે ત્યાં ચહાના પ્યાલા આવ્યા અને તેમણે પ્રથમ મુખ ધવન કર્યા વગર ચહા પધરાવી !

પ્રાયઃ દેશોનો નિયમ છે કે ચહાજ સવારનું દાતણ—રાત્રે ચહા તે તેમનો ખોરાક! પછી આ નકલીઆ વાંદરા જેવાઓ તેમનું અનુકરણ શામાટે ન કરે ?

ચહાને ન્યાય આપ્યા પછી રામુ ત્યાથી ઉઠયો અને તરતજ કેશવપ્રસાદે અહમદખાનને બોલાવ્યો. અહમદખાન ત્યા હાજર થયો તેને આજ સુરત જવા સમજાયું અને કેટલીક અગત્યની સુચનાઓ આપી

ઘણુંજ સારૂં સાહેબ ! આમ કહી તે સુરત બાજુ રવાના થયો

પાપીઓ પોતાના કાળા કારસ્થાન ને તૈયારી કરવા લાગ્યા. અને જોત જોતામા :પૂર્વમા ભાનુદેવ પણ પોતાનો રથ પુર ઝડપથી હંકારતા અવનીને છાઇ નાખવા, અને મહેનતુંને કામે જવા દુનીયાને ખબર આપવા. આવી પોતાનુ સાંમ્રાજ્ય ચલાવવા તૈયાર થયા.



## પ્રકરણ બીજું.

### અજબ ભેદ !

ભવાનીવાડામા ચીમનલાલ શેઠ પૈસાદાર હતા. પણ કન્યાની અછતને લઇને અમદાવાદમા તેમને કન્યા મળી શકી નહિ...તેથી આખરે તેમને સુરતનો આશ્રય લેવા પડયા હતા. રંભા સોળવરસની હતી જ્યારે ચીમનલાલ ત્રીસ વરસના રંભાને પરણીને આવ્યા. બાદ વરસ દિવસમા તેણે પુત્રનો જન્મ આપ્યો હતો. પુત્રનુ નામ સુરેશ પાડયું હતું. ચીમનલાલ શેઠ નગરશેઠ તરીકે ગણાતા હતા. અને કેશવપ્રસાદ તેમનો મુનીમ હતો.

એકાએક એ સવારના પ્હોરમા આખા નગરમા બૂમ ઉડીરહી કે ચીમનલાલ શેઠનું ખુન થયું તપાસ કરવા માંડી લોકો આથી બ્હાવરા બન્યા અને ચીમનલાલના ઘર આગળ મનુષ્યોની ટોળી જામવા લાગી. એટલામા પોલીસપાર્ટી આવી પહોચી. ડાકટર અને છુપી પોલીસનો અમલદાર ત્યા આવી પહોચ્યા.

ડાકટરે તપાસ કરી તો ચીમનલાલ શરીરે કાંઇ પણ ઘા ન જણાયો. અને તેથી લોકો ધારવા લાગ્યા કે તેમને ઝેર આપવામા આવ્યું હશે. આખરે તપાસ કરતા ગળા ઉપર એક ઝીણો ચીરાડો જણાયો પણ તેમાથી લોહી કે બીજું કાંઈ પણ વ્હેતું ન હતું. ખૂબ

તપાસના અંતે એમ જાહેર થયું કે તેને છરી મારી હતી પણ તે તીક્ષ્ણ અને કાતીલ ઝેર વાળી હોવી જોઇએ. છુપી પોલીસના અમલદાર દેવેન્દ્રે તેનો ફોટો પાડી લીધો. અને મડદાને બાળવાની પરવાનગી આપી. ત્યારબાદ કેશવલાલ સાથે દેવેન્દ્રે ઘરની તપાસ કરવા માડી. પણ કાંઈ પણ પત્તો ન લાગ્યો.

છેવટે રંભાને ઓરડીમાં બોલાવીને પૂછ્યું કે આ ખૂન કરનાર કોણ છે ? તે બાબતમા આપને કાંઇ શક જેવું છે ? અગર તેમના દુશ્મન કોણ કોણ છે ? તેની જો ખબર આપશો તો બાબત મેળવવામા અને ખુનીને પકડવાનું કામ સ્હેલું થઇ પડશે !

મને તો કોઇ જાતની ખબર નથી ! રડતી આંખે રંભાએ જવાબ આપ્યો મારા પુત્રનું હવે કોણ છે ? હાય ' હાય ! આમ કહેતી રંભા તો વધારે ને વધારે રોવા રોવા લાગી.

દેવેન્દ્રનું હૈયું ભરાય આવ્યું અને તેણે ધીરજ આપી. અને ત્યાંથી વિદાય થયો થયો દેવેન્દ્રના માથે આ ખુનનો પતો મેળવવાનો બોજો આવી પડયો.

કેશવપ્રસાદે રંભાને ધીરજ આપવા માડી જેમ જેમ કોઇ ધીરજ આપતું તેમ તેમ તેનું હૃદય વધારેને વધારે બળતું હતું.

બાર દિવસ બાદ તેના માતા પિતા તેને પોતાના ત્યા તેડી જવા આવ્યા રંભાએ આખુ ઘર કેશવલાલને સોંપી જવાની તૈયારી કરી કેશવલાલ વિશ્વાસપાત્ર ચીમલાલનો જુનો મુનીમ હતો.

આખરે રંભા સુરેશને લઇને તેના પિયર તરફ પ્રયાણ કરી ગઈ.

સુરતમા તેઓ પહોચ્યા પછી રાધા નામની ભવાનીવાડની શ્રીમત છોકરી સાથે સુરેશને બનતી રાશ આવી. બન્ને જણા એક

બીજાથી કશું પણ છુપુ રાખતા નહી. ગમે તેવી ખાનગી વાતો પણ તેઓ કરવા ચુકતા નહી. રાધા પંદર વરસની હતી. જ્યારે સુરેશ પણ પંદર સોળ વરસનો હોય તેમ જણાતો રંભાના પિતા છબીલદાસ ગ્રરના ગૃહસ્થ હતા તેમનું મકાન ઘણું સુંદર ન હતું પણ સુંદર મકાનોની ગણત્રીમા ગણાતું ખરૂં. મકાનની પાછળના ભાગમાં બાગ હતો અને તેની સામેજ રાધાના પીતાનો પણ બંગલો આવેલો હતો. રાધા પોતાના બગીચામા ફુલ વીણતી હતી ત્યાં સુરેશ પોતાના બાગમાં ઉભો. અને રાધાને બોલાવવા લાગ્યો– રાધા સવારમા તું શુ કરે છે ?

હું ફુલ વીણું છું અને હાર ગુંથી રહ્યા પછી આવીશ જો તમારે આવવુ હોય તો આવો !

રાધાએ કહયું અને સુરેશ ત્યાં ગયો.

રાધા સુંદર ખીલેલા ફુલ, ગુલાબ લઇને હાર બનાવતી હતી. ત્યા સુરેશે કહયું રાધા ! આ ફુલ કરતા તો તું......

એટલે શું ? રાધાએ ગુસ્સા અને શરમથી કહયું.

રાધા ! તું આ હારને શું કરશે ? સુરેશે વાત બદલાવના ઇરાદાથી પૂછ્યું

મારા માતા પિતાની તસ્વીરને ચડાવીશ ! અને અને તેમના પાયે લાગીશ ! રાધાએ કારણ જણાવ્યુ.

તો—વારા જીવતા માતા પિતાને પહેરાવી, તેમને પાય લાગ ! અને તેમની આજ્ઞા પ્રમાણે વર્તી તેમના આશીર્વાદ મેળવ એટલે એજ સ્વર્ગ ! સુરેશે કહ્યું.

સુરેશ ! હું કમભાગ્ય છું ! મેં સાત વરસની નાની વયે મારા માતા પિતાને ખોયા છે ? રાધાએ રડતાં રડતાં કહયું.

કેવી રીતે ! શાનાથી મરણ પામ્યા !

મારા કેશવકાકાએ તેમને ઝેર આપ્યું તેમ લોકો વાત કરે અને કેશવકાકા કહે છે કે કોલેરાના સખ્ત પંજામા સપડાયા હતા અને તેથી મરણ પામ્યા ! રાધાએ કારણ જણાવ્યું

કોણ ! કેશવકાકા.!.........

હા ! કેમ ચમકયા ? કેશવકાકા તેજ મારા કાકા રાધાએ જણાવ્યુ.

મારે ત્યા છે હમણા તેજને !

હા ! તેમણેજ તમારા પિતાને અહીં પરણાવ્યા હતા એ મારી કોઇ વીગેરે રહેતા હતા અને તમારા પિતાનો તેમની પર સંપુર્ણ વિશ્વાસ હતો તેથી મુનીમ બનાવ્યા છે ! અને કહે છે કે મરતીવખત વીલમા ટ્રસ્ટી તરીકે પણ તેમને અંદર નીમ્યા છે ! રાધાએ કહ્યું.

પણ તેનો ખુન થવાથી મરણ પામ્યા છે સુરેશે શંકા જણાવી.

હેં ! અજબ ભેદ સુરેશ ! આ શું ? તરતજ રાધા બોલી ઉઠી.

સુરેશ ચમકયો, અને બંન્ને જણા ક્ષણ ભર સ્થંભી ગયા. કોઇ કાઇ પણ બોલી શકયું નહિ ! આખરે રાધા શુધીમા આવી અને સુરેશને કહ્યુ. સુરેશ તમો જાણો છો તમારા પિતાના ખૂનમા સામેલ છે તે ? મને તો એમ કહેવામા આવ્યુ છે કે તેમણે હાથે ઝેર ખાધું છે. પણ ઝેર ખાવાનું કારણ ?—

તેમને ક્ષયની સખ્ત વ્યાધી હતી ! તેમાથી છુટવા માટે લોકો એમ કહે છે રાધાએ કહ્યું.

" તો રાધા ! આ બાબતમા મારે સંપુર્ણ તપાસ કરવી જોઇએ કેમ ખરૂંને !"

" હા ! કરવી તો જોઇએ પણ એકલા કેમ કરીને કરશો ?" રાધાએ કહ્યું.

નહિ ! હું એકલો નહિ પણ, ડીટેકટીવને સાથે મેળવીશ ! " તેણે પોતાનો નિશ્ચય જાહેર કર્યો.

" સુરેશ ! વ્હાલા સુરેશ ! જીવ સાચવીને કામ કરજો...'

" સુરેશ. ઓ સુરેશ !" સુરેશના નામની બુમ આવી. અને તે રાધાને છોડી તેના ઘર તરફ દોડી ગયો. આ વખતે રંભા ચીમનલાલની છબીને હાર ચઢાવીને પગે લાગી રહી તેણે કહ્યું " મેરા સુરેશ, તારા પિતાને પાયે લાગ !"

અને સુરેશે શુદ્ધ દીલથી નમન કર્યું અને તે પોતાના રૂમમાં ચોપડી વાચવા બેઠો પણ તેનુ ધ્યાન ઠેકાણે ન હતું.

સુરેશ ચોપડી લઈ વાચવા બેઠો. અને જયા એક પાનુ વાચવા માંડયુ ત્યાંતો તેના મૃત્યુ પિતાનો ઓળો તેના સમક્ષ ખડે થયો. અને જાણે સુરેશના કામથી કંટાળ્યા નહોય તેમ કહેવા લાગ્યા. સુરેશ ચમકયો

અને એકદમ ઊભો થયો. અને પિતાને પ્રણામ કરવા દોડયો લાંબો થઇ તેમના પગમા હાથ મુકવા જતો હતો ત્યા તો તેનું ટેબલ !

' શુ આ બધું ખોટું હતુ ? મારા પિતા ન હતા ! તો શું આ ભ્રમણા હતી !" મન સાથે તે બબડવા માંડયો. "શું ? રાધાએ કહ્યું તેમા કંઇ ભેદ છે ? મારા પિતાએ હાથે ઝેર ખાધું છે ! ના. ના સીવાલ ડોકટરે તપાસ કરી કે તેમનું ખૂન થયું છે ! તો શું રાધા ખોટી ! કે ડોકટર ! પણ...બીચારી રાધા એમાં શુ જાણે એણેતો સાંભળેલી કહી ! બસ ગમે તેમ હોય પણ મારે તે બાબત તપાસ કરવી. જોઇએ. પણ મારી આ પત્ની મને ઘરનો કારભાર આપતી નથી તેનું કારણ શું ?

પિતાએ જણાવ્યું છે કે. " સુરેશને. કારભાર આપવો ! " છતાં શા માટે નહિ આપતી હોય ? કાંઇપણ સમજાતું નથી ! બસ ગમે તેમ હોય. મારે તે બાબત પુરી તપાસ તો કરવી જોઇશેજ ! રાધાને પૂછીશ કે તું આ બાબતમાં મને કાંઇપણ મદદ કરીશ ! પછી બધા તેનો ભેદ ખુલ્લો પડશે ! અને પાપીને ફાસીની સજા અપાવીશ ! ત્યારેજ આ બળતું હૃદય શાંત થશે ? તે સ્વગત મનમાંજ બડબડતો બડબડતો રૂમમા આમતેમ આંટા મારવા લાગ્યો.

" સુરેશ ! ચાલ ફરવા આવીશ કે ? બહાર ગાડી તૈયાર છે ! તેના મિત્રે તેને પુછ્યું.

ના–મારે કાંઇ આવવા વિચાર નથી, સુરેશે જણાવ્યું.

પણ બહારની તાજી હવાથી મન પ્રફુલ્લીત થશે ! અને હમણાજ આપણા ગામમા અમદાવાદના શેઠીઆએ બાગ બનાવ્યો છે તે પણ જોઇશું. બાગ જોવા જેવો છે તેમ લોકો કહે છે !"

" ચાલ ! ત્યારે મિત્ર છોટુ તું મારો ખાસ મિત્ર છે ! જો તું ન હોતતો મારા મોસાળમાં દહાડા નજાત. !" તેના મિત્રનું નામ છોટુ હતું તેને કહ્યું.

" પણ ! તે હવે કેટલા દિવસ ?" છોટુએ કહયુ.

" કેમ ! કેટલા દિવસ ? "

" રંભાફોઇ વાત કરતાં હતાં કે હવે જવું છે ! અને પછી તો અમદાવાદ ગયા પછી અમદાવાદના મિત્રોના સંગમાં ભળ્યા પછી આ છોટુને યાદ કરો અગર તો કાગળ પત્તર રે ! લખો તે તો ગમ ! રામ! જાણે છોટુ છેજ કોણ ? "

" ના—રેના–તેમ કદી બને પણ ખરૂં કે ? તું તો મારો જીગરજાન મિત્ર ! અને હવે તારા વિના મારૂં ભયંકર કાર્ય પણ

કોણ કરે તેમ છે !" સુરેશે કહ્યું.

" કયું ! ભયંકર કાર્ય ! શાનું ! એકી સાથે છોટુએ ઉપરા ઉપરી બે ત્રણ પ્રશ્નો પૂછ્યા.

" ચાલ ! રસ્તામા કહીશ ! અને પછી મને ખાત્રી છે કે તું મને તે કાર્યમા જરૂર મદદ કરીશ !"

" હા ! હા ! વખત આવે જીવ પણ આપીશ ! પણ મિત્ર તું કાર્ય પુરૂં કરીશ ? અને તેમા ફતેહ અપાવીશ ! અગર તો આ જીવનનું બલીદાન આપીશ !" છોટુએ કહ્યું.

" શાબાશ ! મિત્ર ! શાબાશ ! " છોટુની પીઠ થાબડીને સુરેશ હેઠળ ઉતર્યો અને બંને જણા બ્હાર ફરવા જવા ગાડીમા આવી બેઠા.

પણ તેવામા ગ્યો ત્યા હાજર થયો તેણે નીચા નમી સલામ ભરીને શુરેશને કહ્યું કે " બા સાહેબ બોલાવે છે ! "

" જા બાને જઈને કહેજે કે શુરેશ હમણાં બ્હાર ફરવા જાય છે માટે રાત્રે આવીશ આમ કહી બંન્ને ગાર્ડન તરફ ચાલ્યા.

બરાબર સાડા નવને સુમારે સુરતથી આવતી અમદાવાદ તરફની ટ્રેન એ આ ી, વખત થવા આવ્યો છે. આવી રાહ જોવરાવતી દશને પાચે સ્ટેશનમા દાખલ થઇ." આ વખતે સ્ટેશનપરના વેઇટીંગ રૂમમા. બે માણસો બેસી. વાતોના ગપાટા ચલાવી રહ્યા છે.

" શું ટ્રેન આજ લેઇટ છે ? " તેમાંના એકે કે જેણે માથે કાળી ટોપી પહેરી હતી તેણે બીજા ને પૂછ્યું.

" ના. આ આવી પહોંચી " ટકોરા થતાંજ તેણે જવાબ આપ્યો ને ટ્રેન અંદર દાખલ થઇ. બન્ને બ્હાર નીકળ્યા. અને આજુબાજુ

તેમજ ડબ્બો જોવા લાગ્યા. અને તે પછી બન્ને બહાર નીકળ્યા. અને ઉભા રહ્યા.—

ત્યાં આપણી વાર્તાનો ડીટેકટીવ પણ ઉતર્યો હતો. ટીકીટ આપી બહાર નીકળ્યો. અને પેલાઓએ પૂછયું કે "સાબ આપને વીશી તરફ આવું છે?" આ ઉપરથી તે વીશીવાળા હશે તેમ જણાયું.

"ના. મને વીશીનો ખોરાક પચતો નથી. માટે હું તો મારા ગામે જઈશ!" દેવેન્દ્રે જવાબ આપ્યો.

"તો આપને ઘોડાગાડી જોઈશે કે?" પેલાએ પૂછયું

"પણ! તારે પૂછવાની શું જરૂર? હુ મારી મેળે શોધી લઈશ?" તેણે ગુસ્સાથી પૂછ્યું.

"શેઠ ગાડી જોઈસે કે?" ગાડીવાળાએ પૂછયું અને છેવટે તેણે હરીપુરાનુ ભાડૂ ઠરાવી. ગાડીમા બેસી પ્રયાણ કર્યું પેલા બે માણસો પણ ત્યારબાદ તરતજ સાયકલ પર રવાના થયા. દેવેન્દ્ર ગાડીમાંથી બ્હાર મ્હોં કહાડી અને જોવા લાગ્યો. તેવામા પેલા બે માણસો કે જેમણે સ્ટેશન પર વીશી, અને ગાડી બાબતનું પૂછયું હતું તેમને સાયકલપર જોઇને અજાયબ થયો. પેલા બે માણસો પણ વારંવાર પાછળ જોવા લાગ્યા અંતે આમ કરતા હરીપુરા આવ્યુ.

"કહાં સાબ જાણા હૈય?" ગાડીવાળાએ કહ્યુ.

"અચ્છા યહાં ખડી રખ્ખો!" આમ કહી તે ઉતરી તેમા ગયો અને ડાયરીમા અપાયા પ્રમાણે ઘર નંબરના તપાસ કરવા લાગ્યો. અંતે ઘર જડયું અને તેમાં પૂછયું કે "રંભા બાઈ કયા છે! મારે તેમનું કામ છે?"

"કોણ રંભા!" અંદરથી જવાબ આવ્યો. "હું ધારૂં છુ કે તમો ઘર ભૂલ્યા છો?" બ્હાર નીકળી તે માણસે જવાબ આપ્યો.

તે માણસને જોઇ દેવેન્દ્ર અજાયબ થઇ ગયો. અને હલકાઇ ગયો. ઘડી ભર વિચાર કરવા લાગ્યો.

"હરામખોરો ! આવા તે કેટલા આવતાં હશે? ફલાણા ભાઇ છે કહીને ઘરમા પેસીને ચોરી કરવાની ઇચ્છા !" પેલાએ જવાબ આપ્યો.

"ચુપ કર ! વધારે બોલતાં પહેલા પુરો વિચાર કરી જો જે ! બદમાશ ! તું મને ઓળખતો નહી હોઉં પણ જો.........આમ કહી તેણે ખીસ્સામાથી કાંઇક બતાવ્યું અને તે માણસ ચુપજ રહ્યો.

"ત્યારે રંભા અહીં નથી રહેતી ?" આખરે સમાધાનીથી દેવેન્દ્રે પૂછ્યુ.

"પણ કોણ ! રંભા ? તે હુ જાણુતોજ નથી તો પછી મને શુ ખબર ?" તેણે જવાબ આપ્યો.

અને દેવેન્દ્ર ક્ષુધાતુર હોવાથી ત્યાથી ગયો. આ બાબતની તપાસ કરવી સવાર પર મુલતવી રાખી. અને આવતી વખત સાથે પોલીસોને પણ લાવી તપાસ કરવી તે વિચાર પર આવી. તે સીધા ગાડીમા બેસી શહેર તરફ પ્રયાણ કરી ગયા.

હવે આ બાજુ સુરેશ અને છોટુ બન્ને જણા બાગમાં જઇ પહોચ્યા અને દરવાજે વેચાતા ચેવડા વાળા પાસેથી ચેવડો લઈ બન્ને મિત્રો ખાવા બેઠા ખાતા ખાતા છોટુએ પૂછ્યું " સુરેશ શા માટે તું ઉદાસ હતો.

"મારા પિતાનું ખૂન થયું છે એવો અભીપ્રાય સરકારી ડોકટરે આપ્યો છે ત્યારે બીજી તરફથી એમ સાંભળ્યું છે કે રોગથી તેમણે આપઘાત કર્યો છે ? પણ હું તો ધારૂં છું કે તેમનુ જરૂર ખૂન થયું છે ! હુ આ બાબતની તપાસ કરવા ઉમેદ રાખું છું

અને તે બાબતના મારા મદદગારો શોધતો હતો. પણ તારા

વચનથી મને સાન્તિ વળી છે! તું મને જરૂર મદદ કરીશ! તેમ હું ધારૂં છું?" સુરેશે લંબાણ ખુલાસો કર્યો.

"જરૂર પણ કોણે કહ્યું કે તેમણે આપઘાત કર્યો છે?" છોટુએ પૂછયું

"મને રાધા તરફથી કહેવામાં આવ્યું છે! રાધા સાચુ બોલનાર છોકરી છે તેમ હું જાણું છું. વળી તેણે પણ તેના કાકા કેશવ પ્રસાદ તરફથી સાભળ્યું છે!"

"મિત્ર! તને કોનાપર શક જાય છે?" છોટુએ પૂછ્યુ.

"મને કાંઇ પણ ખબર નથી. તો પછી શક કોના પર જાય?" શુરેશે કહ્યું.

"હું તો ધારૂં છું કે કેશવપ્રસાદનો આ બાબતમા કાંઇપણ હાથ છે, આખુ અમદાવાદ સુરત પણ તેમજ કહે છે! વળી હમણા હમણા તે પૈસા પાત્ર પણ છે તેથી લોકો તો વાતો કરે છે! પછી તું ધારતો હોય તે ખરૂં? છોટુએ પોતાની શકા જણાવી.

"મને તો તેના પર વિશ્વાસ છે! અને તે છે તેથીજ અમારો ધંધો હજુ સારો ચાલે છે.

બાકી જે મીલ તેના નામ પર છે તે તો મારા પિતાએ તેને ભેટ આપી હતી એમ મારી બા કહેતી હતી!" સુરેશે કહ્યું

"પણ તું ગમે તેમ ધારતો હોય પણ લોક વાયકા તેની છે! પછી ખરૂં ખોટું પરમેશ્વર જાણે?"

"તે પણ ખરૂં! ગોપીને મ્હોડે ગળ્યું હોય દુનીયાને મ્હોઢે હોય છે!" સુરેશે કબુલ કર્યું અને બંન્ને મિત્રો છેવટે રાત્રીના નવના સુમારે ઘર તરફ જવા ઉઠયા.

"જો આ વાતમા ગમે તે હોય. પણ તારે મને સહાય આપવી પડશે!" ગાડીમાં બેસતાંજ સુરેશે કહ્યું.

" જરૂર એક વખત મેં કહયું તે પ્રમાણે હું મરણ પર્યન્ત પણ ખુણ પાળીશ ! તે બદલ વિશ્વાસ રાખ " છોટુએ ધીરજ આપતા કહ્યું તેમે ને બેએ આપણે તે બાબતની સંપુર્ણ તપાસ કરીશું અને ખુનીને પકડી જાહેરમા ફાસીએ અપાવીશુ ?"

" વળી ડીટેકટી દેવેન્દ્ર પણ આપણી સાથે છે ઘણા ભાગે આવતી કાલે તે અત્રે આવનાર છે ?" સુરેશે કહ્યું

" શા માટે ! 'અહીં' આવવા તમે કાંઇ લખ્યું હતું કે ?" છોટુએ પૂછ્યું.

" ના. પણ ફક્ત તપાસ અર્થે તેઓ આવનાર છે ? મ્હેં તેમને એડ્રેસ અમદાવાદ આપ્યું હતું જેથી તેમને ઘર શોધતા વાર નહિ લાગે? આપણે પણ તેમને મદદ કરી શું કેમ ખરૂં ને ? " સુરેશે કારણ જણાવતા પૂછ્યું

" હા ! ચોક્કસ ! " અને વાતો કરતા ઘર આવી પહેચ્યું બન્ને મિત્રો ત્યાંથી જુદા પડયા; સુરેશ પણ પોતાના ઘર તરફ જવા લાગ્યો આ વખતે રસ્તાપર દુઃખથી પીડાતો ભીખારી ત્યા પડી રહયો હતો તેની પર સુરેશની નજર જતા તેને દયા આવી તે પોતાના ગજવામાથી રૂપીઓ કહાડી ભીખારીને આપવા તે ગાડીમાંથી ઉતરી ચાલ્યો ને ગાડી વાળાને આગળ ઉભા રાખવાનુ કહ્યું. ભીખારીએ રૂપીઓ લેવા હાથ લંબાવ્યો તેવોજ તે અદ્રશ્ય થયો. અને સુરેશ કેદ થયો. ચાર બુરખા વાળાઓ તેને લઇને તરતજ પ્રયાણ કરી ગયા. રોડના ખુણા પર અંધારૂં હતું ઘણે દૂર મ્યુનીસ્પલ લેમ્પ ઝીણું ઝીણું ઝગમગી રહ્યું હતું. અને છેવટે ગાડીવાન પણ રાહ જોઇ ત્યાં આવ્યો તો ભીખારી પણ ત્યા ન હતો તેમજ સુરેશ પણ ન હતો. આ સમાચાર કહેવા તે તરતજ ઘર તરફ રવાના થયો. " સુરેશ ગુમ થયો." આ વાત સવારે પવન વેગે પ્રસરાય તે પહેલા આ પ્રકરણ પુરૂ થાય તેમા શું ખોટું ?

## પ્રકરણ ત્રીજું

### દેવેન્દ્ર ફસાયો !

બરાબર ગતના બાર ઉપર બે થવા આવ્યા છે. આખા સુરત શહેરમા કોઇપણ જાગતું નથી. સિપાઇઓ પણ એક ખુણામાં પડયા પડયા નિંદ્રા લઇ ગયા છે તેવામા જાહેર રસ્તા પર પુર ઝડપથી એક કાળી આકૃતિ નીકળી તે ખરેખર કાળા બુરખાથી શરજાયેલી હતી. તે કોણ છે ? તેણે આગળ જાહેર રસ્તા પર ન જતા એક ગલીમા આવી અમાસની અંધારી રાત હોવાથી કોઇનું મુખ પણ સુઝતું ન હતું આવનાર આકૃતિએ ગજવામાથી ચોર ફાનસ કહાડયું. અને આગળ ચાલવા માડયુ. થોડી ઘણી વાર પછી તેણે ધજવામાથી કાગળીયું કહાડયું તે પર, ૦૮૯૭૦.૪ આમ આકડાં લખ્યા હતા. તે વાચ્યા અને પછી દરેકઘરના બારણા તરફ તે ફાનસનું તેજ નાખી આકડા વાંચ્યા.

"બરાબર આજ ઘર !" તે સ્વગત બોલી. "હવે ઠીક છે ! તું કયા જનાર છે!" આમ કહી તેણે ધીરે રહીને બારણાપર ચડવા માડયું અને જોત જોતામા તે ઉપલી બારી વાટે મેડામાં દાખલ થઇ ચુકી ફાનસ શળગાવી આજુબાજુ જોવા માડયું તો પલંગમાં એક માણસ સુઇ રહયો હતો તે કોઇ નહિ પણ આપણો પૂર્વપરિચીત દેવેન્દ્ર ડીટેકટીવ ! પાસે હેઠળ પડેલી તેની હેન્બેગ ઉચાકી અને

બધી તપાસ કરી પણ કાંઇ ન મળ્યું. વળી પાછી તપાસ કરી તો ફક્ત ન્યુઝ પેપર મળ્યું ફાનસનું તેજ તેનાપર નાખી ઉપલું હેડીંગ વાચ્યુ..........તરતજ ચમકી. હાય ! --શું બધું ધાર્યું મળશે કે કેમ ?" સ્વગત બોલી

"બસ ગમે તેમ થાવ પણ આજ આને પાર કર્યા વગર આપણો છુટકો નથી" તે બોલી અને પાછી સ્વસ્થ થઇ કમરમા રાખેલી છરીપર હાથ નાખ્યો ખોખું ખેંચ્યુ પણ તેમાંથી છરી ન મળી "હાય આ શું ?" એક એક બોલી ઉઠી.

"આજ મામલો ગંભીર જણાય છે ! આમ અપ શુકન મળાતા આવ્યા છે !" વળી પાછી વિચાર કરી બોલી "ચાલ ! જીવ, નહિનો વાણુવતા પકડાઇશું તો વળી બલા" તેણે ઉઠવા માડ્યું

"પણ લાવ ! જતા જતા તેને પણ ખબર તો પડે કે અહીં હું પણ આવી હતી ?"

આમ કહી તેણે એક કાગળ પર ચીઠીલખી અને પાસે પડેલી બીડી મુકવાની ડબીમા મુકી અને જોત જોતામા આવેલી આકૃતિ પુર ઝડપથી નીરાશા સાથે ચાલી ગઇ, અને પ્રભુ કૃપાથી દેવેન્દ્ર ડિટેકટીવ બચી ગયો.

સવાર થયુ લોક જાગ્રત થયા દેવેન્દ્ર પણ જાગ્યો દેવેન્દ્ર સુરત ઉતર્યા પછી તપાસમા પતો ન મળવાથી તેના મિત્રને ત્યા તે આવ્યો અને ત્યાંજ સુઇ રહયો ઉઠી પાસે બીડીનો વ્યસની હોવાથી તેણે બીડી મુકવાની ડબી ઉઘાડી અજાયબીથી પેલી ચીઠી ઉઘાડી અને વાચી તેમાં આ પ્રમાણે લખ્યુ હતું--

"કહેવાતા બાહોશ ડિટેકટીવ—

"મને અજાયબ થાય છે કે તમે બાહોશ કહેવાયો છો પણ

તમારામાં કાઇપણ સામર્થ છેજ નહિ આજ તમો નશીબવાન છો હું તમારૂં ખુન કરવાના ઇરાદાથી આવેલ પણ ખુન કરવાનું સાધન ન મળવાથી પાછી ગઇ છું પણ તમને સવચેતી આપું છું કે તમો ચેતીને તપાસ કરજો રંભા અગરતો તેના પુત્ર જીવતા હશે કે કેમ? તે શંકા ભરેલું છે અને તમારા જેવા સેકડો ડીટેક્ટીવ આવી તપાસ કરશે તો પણ પત્તો મળશે નહિ તે ખાત્રી રાખજો

તમો હવે નાહકના અહીં ન અથડાતા તામારી સ્ત્રી અને છોકરાને જઇને મળો નહિ તો જો અહીં રહેશો તો તમારી સ્ત્રીને વૈધવ્ય ભોગવવું પડશે તમારો બાળક રખડીને મરશે પછી તમારી મરજી "

લી. આપની

ભેદી બલા !"

તા. ક. આ નારી જાતિના શબ્દ પરથી મને નારી જાતી ન માનશો "

"ઓહ આ શું ભેદ અરર આશું કહેવાય મારી ઉંઘ પણ- જબરી કોઈ દિવસ નહિ ને આજજ !" મન સાથ વિચાર કરતા બોલ્યો રમણીકલાલ—તેના મિત્રનું નામ રમણીકલાલ હતું તેને બોલાવ્યા—

"કેમ ? દાતણ કર્યું કે ?" રમણીકલાલે તેના રૂમમાં પ્રવેશ કરતાંજ કહ્યું

"શું દાતણ ? જો વાંચ આ ચીઠી ?" દેવેન્દ્ર ચીઠી તેના હાથમા મુકી રમણીક ચીઠી વાંચી તદન અવાકજ બની ગયો.

"કેમ ? શું વિચાર કરે છે ?" દેવેન્દ્રે પુછ્યું.

" આ ચીઠીમાં લખ્યા પ્રમાણે, રંભાની તો મને ખબર નથી પણ..............

" બાપા. બાપા......સુરેશને કોઇ ઉપાડી ગયું છે તેમ આખા શહેરમાં વાત થાય છે !

' હેં ! આ વળી નવું કામ એકમાંથી નવા નવા લફરા ઉભા થાય છે શું કરૂં હવે ! આના જેવો તો બીજો કાઇ પણ કેસ આવ્યો નથી એકતો આ ચીમનલાલનું ખુન થયું છે તે તપાસ કરવાની વળી રંભાનું અને સુરેશનું પણ........................

" ઠીક હવે આપ દાતણ કરી લ્યો ! ચહા ઠરી જાય છે. " આમ કહી રમણીકલાલ પણ બ્હાર ઓટલે જઇ દાતણ કરવા બેઠા. થોડીવાર પછી બન્ને જણા મુખ સાફ કરી બન્ને ચહા પીવા આવ્યા ચહા પી રહ્યા પછી તેઓ વિચાર કરવા લાગ્યા. કે હવે શું કરવું ? આમાંથી તો કામ નવુંજ થતું જાય છે.

" એ.........ન્યુશ.........." છોકરે બુમ મારી.

" જા......તો......બચુ પેપર લઇ આવતો" રમણીકે તેના પુત્રને પેપર લેવા મોકલ્યો અને જોત જોતામા બચુ ન્યુશ લઇ હાજર થયો પ્રથમ પાનું ઉઘાડતાંજ, " સુદર્શન મીલ : લીકવીડેશનમા આ મથાળા હેઠળની બીના વાંચતાં દેવેન્દ્રને વળી અજાયબી થઇ આ શું ? એવટે તેણે તમામ બીના વાચ્યા બાદ " પોલીસ ચોકી " તરફ જવા બહાર નીકળ્યો " શેઠ ગાડી લાવું " ગાડીવાળાએ પુછ્યું.

" હા બોલ ! " તેણે પુછ્યું .

" ક્યાં જવું છે ? " તેણે પુછ્યું.

" પોલીસ ચોકી ! બે સ્વારી ! દેવેન્દ્ર કહ્યું

" ત્રણ રૂપીઆ સાબ આપજો ગાડીવાળાએ કહ્યું

" ઠીકચાલ ! આમ કહી તે ગાડીમાં બેઠો રમણીક સાથે ન જતા પાછો ગયો.

સુરતસહેર જોવા જેવું હતું દેવેન્દ્ર બારીમાંથી ડોકીયુ કરીને આખું શહેર જોવા લાગ્યો

" કયા સાબ પહેલ વહેલા ઈધર આતાહો ! " બાગ્યા ટકા શબ્દોમાં ગાડીવાને પુછ્યું

" હા એકા એક કામ પડવાથી આવી પહોચાયું !

" એવું શુ કામ હતું ? હાકતાં હાંકતાં તેણે પુછ્યું.

" હું પોલીસ અમલદાર છું.................. આટલું બોલી તે તરતજ અચકી ગયા ! દેવેન્દ્રના જાણમાં આવ્યુ કે વખતે વાત બહાર જાય તો.........................................

છેવટે આ શંકા એટલી પ્રબળ થઈ કે તેને તરતજ વિચાર આવ્યો કે જાહેર વર્ગ માનપત્રમા એમ આપવું કે " તપાસનો પત્તો ન મળવાથી દેવેન્દ્ર અમદાવાદ પાછા ગયા અને ત્યાંથી મારૂં ઠેકાણું પણ બદલી નાખું

આખરે તેમણે ગાડીવાળાને રજા આપી. અને પોતે ચાલતા પેપરની ઓફીસે જઇ પહોચ્યા. અને મુખમાં હસતા હસતા બહાર આવ્યા. ગાડીવાળાને ભાડુ ચુકાવી આપવા છતાં પણ તેને દૂર ઉભેલો જોઇ તે વ્હેમમા પડયા. તેણે પાસે જઇ પૂછયું તો તેણે જણાવ્યુ કે " આપ પાછા જશો એતો વગરી પણ મને મળશે તે આશાએ હુ અહીં ઉભો રહયો હતો અને મારી એ આશા પૂર્ણ થઇ ! "

"પણ મારે તો નથી આવવું !" આમ કહી તે ચાલતા થયા ગાડાવાળો પણ તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

દેવેન્દ્ર પાછળ પાછળ જોતા જોતા જતા હતા તેણે પાછળ ગાડી આવતી જોઈ તેથી ઉભા રહ્યા. ગાડીવાળો પણ જાણે કંઈ સમજી ગયો ન હોય ! તેમ પાછો વળ્યો. અને પોતે ગાડી છોડી વેશ બદલી સાયકલ પર બેસી ફરવા નીકળ્યો. દેવેન્દ્ર આ ફરી સમજી ગયો અને આજ ભેદી માણસ હોવો જોઈએ તેમ તેના ધારવામા આવ્યું આ વિચારથી દેવેન્દ્ર પોતે રંભાના ઘર તરફ વળ્યો અને તે ગલીમા દેવેન્દ્ર દાખલ થયો. સાયકલ વાળો પણ પાછળ ન આવતાં સામો આવ્યો ગલી સાકડી હોવાથી સાયકલ સાથે દેવેન્દ્ર અથડી પડયો. દેવેન્દ્ર હેઠળ પડયોને જયા ઉભો થવા જાય છે ત્યા શાયકલ વાળો ન હતો

આખરે તેણે રંભાનું ઘર પૂછયુ અંદરથી અવાજ આવ્યો કે "કોણ છ ?"

"હું દેવેન્દ ડીટેકટીવ !"

"આવો. ભાઈ બેસો." આમ કહી તે માણસે તેને ખુરશી ધરી અને કહેવા લાગ્યો કે રંભા તો જાત્રાએ ગઈ છે અને સુરેશ નેતો......આમ કહી તે રડવા લાગ્યો.

"શુ સુરેશને તો......પોતે જાણતો હોવા છતા પુછયું.

"કોઈ.. .. ઉપાડી.......ગયું." તેણે રડતા રડતા અવાજે કહ્યું.

"કોણ ? કયાથી ઉપડી ગયું ?" દેવેન્દ્રે વધુ માહિતી મેળવવાના વિચારથી પુછયું.

"તે અને છોટુ બંન્નેજણા આવતા હતા. છોટુ પોતે ઘેર ગયો. અને સુરેશ ગાડીમાં ઘર તરફ આવવા લાગ્યો તેવામાં રસ્તામા

ભીખારીને ભૂખ્યો અને દુઃખી જોવાથી તે ગાડામાંથી ઉતરી ને તેને પૈસા આપવા ગયો ત્યારથી ગુમ થયો !" તેણે કહ્યું.

"તો......ગાડીવાળો કયાં હતો ?" તેણે શંકા જણાવી.

"ગાડીવાળો—ઘણે દુર......

"અલ્યા એ ! અકર્મી બોલાવે ?"

આ વાત ચાલતી હતી તેવામાંજ એક સ્ત્રીએ આવીને કહ્યું 'તું કોની સાથે વાતો કરે છે ! તેની તને ખબર છે કે ?"

"અને તમે કોણ છો ?" દેવેન્દ્ર તરફ જોઇ કરીને બોલ્યા.

"હું ? હું તો છુપી પોલીસનો માણસ છું ! દેવેન્દ્રે પોતાની ઓળખ આપી.

"ઠીક !" તે સ્ત્રીએ શ્વાસ લઇને કહ્યું આપ મહાશયની શા માટે અત્રે પધરામણી થઇ છે ?" તેણે કરડાગીમાં પૂછ્યું.

"એક બાબતની તપાસ કરવા !" દેવેન્દ્રે પણ ઉડાઉ જવાબ આપ્યો.

"કઇ બાબતની ! પારકાના ઘરમાં ઘુસવાનું કારણ ! કાલ રાતના તમને જણાવ્યું હતું છતાં પણ તમો અહીં શા માટે આવ્યા ?" તે સ્ત્રીએ ધમકી દેવા માંડી.

"અમો અમલદારોને તો બધે ફરવાની છુટ છે—

'ભલેને અવનીની ઉપર, અને આકાશની માંહે
વળી દરબાર, દફતરના, બધે છુટતો અમોને છે—(૧)
ઘરો, ધરતી અને ઘરમાં, ભલે મે હોય જનાનખાનામાં
છતાં સર્વ તપાસીશું, બધે છુટતો અમને છે.(૨)

"જરા વિચાર કરીને બોલો સમજ્યાને, તમે ડીટેક્ટીવ હો ! કે ગમે તે હો !" પેલી સ્ત્રીએ કહ્યું.

" અને સમજ્યાને જીવણ ! હરામખોર આવા બદમાશો જોડે વાત કરે છે ! અને ઘરમા દાખલ થવા દે છે ?"

" ચુપકર ! એક તું ઓી જાત છું તેમા તને જવા દઉં છું. નહિતો ક્યારનીયે ઠાર થઇ ગઇ હોત !" દેવેન્દ્રે ગજવામાથી રીવોલ્વર કહાડીને કહ્યું.

" એટલે-પારકા ઘરમાં ઘુસવાનો પણ તમોને હકક મળ્યો હશે કેમ કે ?" રીવોલ્વરને જોઇને ગભરાયા પછી તેણી બોલી.

" હમોને જ્યાથી જાણવાનું મળે ત્યા અમો જઇ શકીએ છીએ ! દેવેન્દ્રે રીવોલ્વરને ગજવામાં મુકતા કહયું.

" ઠીક. ચહા પીશોકે ? અલ્યા ! જા ચહા બનાવી લાવ !" આમ તેણે ચહા બનાવવાનો હુકમ આપ્યો. અને પોતે હેઠળ બેઠી—

" બોલો-તમારે શું જાણવુ છે ? તેણે પૂછ્યું.

"રંભા-નામની ચીમનલાલ અમદાવાદના નગરશેઠની સ્રીનું અહી પિયર થાય છે તે તેનું કામ હતું ?"

" હા ! મારી માસીની દીકરી. ! પણ તે તો હમણા અહીં નથી રહેતી ?" તે સ્રીએ કહયું.

" તો કયા રહે છે ? તેનો કંઇ પતો છે ? મારે તેનું કામ છે ! દેવેન્દ્રે કહયું.

" હા ! તે તેના પિતાને ત્યા રહેતી હશે ! પ્રથમ અહીં રહેતી હતી ! પણ હમણા તેનુ શરીર સારૂં નહિ રહેવાથી. ત્યા ગઇ છે ! નવા કાઇ સમાચાર ?" તેણે પૂછ્યું.

" સાભળ્યા મુજબ તેનો પુત્ર સુરેશ ગુમ થયો છે ! તેટલામાં ચહા આવી. દેવેન્દરે વિચાર કર્યો કે ઠીક થયું ! આમ કહી તેણે ચાહ પીવા માડી—

" હેં ! હે કોણ સુરેશ, ગુમ થયા છે ! કોણ લઇ ગયુ છે ? કાંઈ તપાસ કરી ! " પેલી સ્ત્રીએ રડતા રડતા કહ્યું.

" ના...... તે......ની તપાસ..... માટે.........

બોલતા બોલતા જીભ અટકી ગઇ, દેવેન્દ્ર આ કપટ તરતજ સમજી ગયો. કમરે રીવોલ્વર પર હાથ નાખ્યો પણ તે પણ ન હતી. " હાય.........દગો...... ...' " આટલા શબ્દો સાથે તે નીચે ઢળી પડયો

આમને આમ અડધો કલાક વહી ગયો ત્યા કોઇ પણ નહતું આવનાર સ્ત્રીએ ત્રણ તાલી પાડી. અને તરતજ પેલો નોકર આવી ત્યા હાજર થયો.

" રઘો કયા છે ? " તેણે પૂછયું.

" આવે છે સાહેબ ! " અને તરતજ રઘો આવી પહોચ્યો.

" રઘા જા આ ડીટેકટીવને હેઠળ લઇ જા. અને * * * બાજુના રૂમમા પુરજો, અને બદમાશને પણ સજા કરજે ! ખીલા ઠોકજે ! " તેણે રૂઆબથી—

" પણ......ભઇશાબ મારો શું ગુનો ? હું નિર્દોષ છુ ! " જીવણ કરગરી પડયો.

" શું તું નિર્દોષ છું ? " રૂઆબથી કહેંડ હાથ ઝુકી તેણે પૂછ્યું.


" હા ! બાદશાહ હું તદ્દન નિર્દોષ છું ! " તે ફરીથી બોલ્યો

" ચલ ચાલ્યો જા ! " તેને કહ્યું અને ત્યા તરફ ફરીને બોલી.

" હમણા મુલતવી રાખો તેને કરવાનું હુ ત્યા આવું પછી ! "

આમ કહી તે ચાલી ગઇ. અને રથી પેલા બંન્નેને લઇને હુકમ પ્રમાણે અમલ કરવામા મશગુલ થયો.

આ રીતે દેવેન્દ્ર પણ ફસાયો ' —



# પ્રકરણ ચોથું.

## ભોંયરામાં.

સુરેશ ગાડીમાંથી ઉતરી ભીખારીને રૂપીઓ આપવા ગયો તે વખતે તે કેદ પકડાયો તે આપણે વાંચી ગયા છીએ. ત્યાંથી તેને ઉપાડી તેને તાપીની પેલેપાર લઇ ગયા. અને ત્યા તેને બેભાનની દવા સુંઘાડવામા આવી. બરાબર મધ્યરાત્રીના સમયે તેને પોટલી બાંધી. શહેરમાં લાવ્યા. અને છાના રસ્તા પર તેઓ મકાન આગળ આવ્યા. આ વખતે સુરેશ જાગૃત થયો હતો મૂર્છા તેની વળી હતી પણ તમામ બીના જાણવા માટે તે ચુપજ રહયો.

" બારણું ખોલ ! " તેમના એકે હુકમ કર્યો

" પણ કુંચી કયાં ? "

" કુંચીનું શું કામ છે ? જો આમ—" આમ કરી તેણે પગ ઠોકયો અને તરતજ બારણું ઉઘડી પડયું. સુરેશ પણ આ જોઇ અનાયલ થયો. પણ તેણે તો જોયા કરવાનુંજ ધાર્યું. ચંડાળ ચોકડી બારણું ઉઘડતા અંદર ગઇ. તેમાના એકે તેને હુકમ કર્યો કે હવે ગાસડીને હમણા ત્યાજ રાખો અને છેવટે તે ગાંસડી. ચોપાટ પર મુકી.

" જા. પેલા ખાનામાંથી એકસટ્રા લાવ ? "

અને તરતજ ત્યા એકસટ્રાની બાટલી હાજર થઇ.

" જો આપણે હમણા અહીં જરી સ્વસ્થ થઇને પછી આગળ

ચાલશુ. અને આપણને દારૂથી આરામ પણ મળશે ! દોસ્ત દારૂ એ દૈવી ચીજ છે જગતમાં તો નહિ તો બધે કલેશનું સામ્રાજ્ય આખું હતું. આટલું સરસ ઉમદાપણું તે પણ લોકોને ખરાબ લાગે છે. કેવી બેવકુફ દુનીયા છે ! જો—

" દારૂ થકી વધે આબાદી, અને સુખ સંપતી તેમ
દારૂ તણા શું લ્યા ? કહું હું ! સહુ રહે કુશળ ક્ષેમ
કલેશ તણું તો નામ ન મળતું અને રહે આનંદ સદાય
જેપીવે નહિ તે મુર્ખ જન, દારૂના દુર્ગુણ ગાય

આમ આટલી ઉમદા વસ્તુને ગ્રહણ કરીને પછી આપણે આગળ વધશું– આમ કહી તેણે દારૂને ગ્લાસમા પધરાવ્યો અને સોડા સાથે મેળવીને પીવા માડી.

ચારે નીચા ચરોએ મધુ પાન કર્યાબાદ ચીરૂટના ધુમાડા કહાડતા કહાડતાં આરામ ખુરશીમા ડોલવા લાગ્યા.

બરાબર ત્રણના સુમારે તેમાનો એક જાગૃત થયો અને બધા ઉઠ્યા. પેલી ગાસડી લીધી અને સર્વે આગળ ચાલવા માડયું.—

આખરે તેઓ આમ કરતા એક મકાનની નજીકમાં આવી પહોચ્યા. " ઉઘાડ ! " તરતજ અવાજ આવ્યો અને સાથેજ બારણું ઉઘડયું ગાંસડી. અંદર મુકીને છોડી, તો સુરેશ શુદ્ધિમાં હતો છતા પણ ઢોંગ કરીને સુતો.

" ઉઠ બદમાશ ! લાત મારી પેલાએ કહ્યું અને તરતજ સુરેશ ઉઠયો, આંખો ચોળીને બોલ્યો. " નરાધમ ! મને અહીં લાવવામા તારો શું હેતુ છે " તે જણાવ "

" બસ બંધ કર ! જીભ સંભાળીને બોલ ! જો તને કોઇપણ

શીતે છુટવું હોય તો આ કાગળ પર તું તારી સહી કરીઆપ " આમ કહી તેણે કાળો કાગળ ધર્યો.

" શાની સહી ! કોના કાગળ પર !" સુરેશે ડોળા કહાડીને કહ્યું

" બસ ગમે તેની હોય તારે જો જીવવું હોય તો અહી તરતજ શહી કરી આપ નહિતો રામશરણ થઇશ. ! માટે આટલા બધા તો મરણ પામ્યા છે તેમા તારો ઉમેરો થશે !" તેણે બારણું ખોલીને બતાવ્યું તો અંદર હાડકા અને મડદાનો ઢગલો પડયો હતો. વળી કોઇ કોઇ તો ઓટલીપર ઉભા કરેલ બેઠેલા માણસો પણ હતા. અને તેમના આખા શરીરે લાંબા. ખીલા ઠોકવામા આવ્યા હતા.

" આ લોકોને આમ મારી નાખવાનું કારણ ! " સુરેશે પૂછયું

" અમારી મરજી ! અમારી વિરૂદ્ધ કોઇપણ કામ કરતો માલુમ પડે કે તરતજ તેને આવા હાલે મારી નાખવામા આવે છે—બોલતારી મરજી શુ છે, તે જલદી જણાવ ! આમ કહી તેણે કાગળયા તેની શનમુખ ધર્યા.

" શું બંધ કર તારી જીભ ! આ દેહમા જીવ હશે ત્યા સુધી તોકદી બનનાર નથી ! " આમ કહી તેણે તેકાગળીયા હામાથીઝુંટવીલીધા અને ફાડી નાખવાજતો હતો ત્યાજ પાછળથી તેને બેભાન કરી તે કાગળીયા તેની પાસેથી લઇ લેવામા આવ્યા. અને પ્રાતઃકાળ નજીક થતો હોવાથી તેઓ બહાર નીકળવા લાગ્યા. પણ તેવામા તરતજ તેમને બીજા માણસોના સામા મળ્યા.

" કોણ ? " પેલાએ પૃછયુ અને સામી સામા મળી તરતજ પેલાઓ તેની રાહ જોઇ ઉભા રહયા.

" આ કોણ ? " પેલાએ પૂછયું.

' અમદાવાદનો બાહોશ ડીટેકટીવ દેવેન્દ્ર !"

' શું એ પણ આપણા કબજામાં ? "

" હા ! નામવર બાઇસાહેબે ભારે ચાલાકી વાપરી; ચહા પીવડાવી તરતજ તેને કેદ કર્યો ! "

" અને આ કોણ ? " પાસે ઉભેલા જીવા તરફ જોઇ તેણે પુછયુ આ આપણો જીવણ ! "

" કેમ ? તેને પહરેજ કર્યો છે ? "

" બધી વાત તેતો દેવેન્દ્રને કહી દીધી તેથી તેને પણ બાઇ-સાહેબે સાથે મોકલાવ્યા છે ! વારૂ પણ આપતો કહોને આપ અત્રે સાથે મોકલાવ્યા છે ! વારૂ પણ આપતો કહો કે આપ અત્રે કેમ આવ્યા હતા ? "

" હું તો સુરેશને કેદ કરવા આવ્યો હતો ! " તેણે જવાબ આપ્યો " એમ ! ત્યારે તો આપણી ફતેહ જરૂર છે ! "

" હા ! જો આટલું કામ પુરૂં થાયતો આપણને સરવાળે ન્યાલ કરવાનું અભીવચન આપ્યુ છે. પણ પેલી છોકરી છે ને...તે આપણા કામમાં વિઘ્નકર્તા છે. "

" કઇ ? "

" રાધા...

" હે ! તે શું વિઘ્નકર્તા છે ? " પેલાએ પ્રશ્ન પૂછયો

ઓહ ! ત્યારે તને શું ખબર છે ? બધુ કારસ્થાનની કર્તા તેજ છે ને !

" હેં ! મેંતો આજ તે સાંભળ્યું કે તે પણ આપણી દુશ્મન છે ! આખરે બંન્ને જણા ત્યાંથી છુટા પડયા. પેલાઓ ડીટેકટીવને

લઇને સુરેશની બાજુના રૂમમા કેદ કર્યો અને તેઓ પણ બહાર નીકળી ગયા.

" કેમ ? શું કર્યું સુરેશે સહી કરી આપી કે નહિ ? " પેલાઓના સરદારે પૂછ્યું

" નામવર ! તેણે તો ચોખ્ખી ના પાડી ? હવે શું કરવું, !"

" જાવ તેની માતાને તેની જાણ કરો ! અને સાથે જણાસો કે તે નહિ માનેતો મારે તેનું + + કરવું પડશે ! :'

" જેવો હુકમ ! " આમ કઈને તેઓ ચાલ્યા ગયા પાછળ સરદારે " પણ બ્હાર જવાની તૈયારી કરી ત્યાનો તેનો મિત્ર રણછોડ આવી પહોચ્યો.

" અહો ! શા સમાચાર છે ! " પેલાએ કહ્યું

" કેશવ ! ઘણું માઠું થયું સુરશ ગુમ ! "

' હે ! સુરેશ શેઠ ગુમ ! કયારે ? ચાલ ત્યારેતો આવી બીના અમદાવાદ જાણવામા આવશેતો લોકો પૈસા માટે ધમાલ કરશે માટે મારે તો આજને આજ જવું પડશે. " આમ કહીને તેણે તો અમદાવાદ જવાની તૈયારી કરવા માડી.

" પણ...તું તપાસતો કર ? " રણછોડે કહ્યું

" ના...ધાર્યા મુજબ દેવન્દ્ર આવી પહોચ્યો છે તે સઘળી તપાસ કરશે મ રે તો મારૂં કામ સંભાળવું જોઇએ ને શેઠનો મારી પર વિશ્વાસ હતો તે મારે પૂર્ણ બજાવવો જોઇએ ને-" આમ કહી તેણે ચહા મંગાવી. ચહા આવી અને બંન્ને જણા ચહાને ઇન્સાફ આપવા લાગ્યા.

"હવે આ બાજુ ભોંયરામા દેવન્દ્રને કેદ કર્યા પછી દેવન્દ્રભાનમા આવ્યો અને પોતે આવી કોટડીમાં કેદ થયો છે. તે વરતજ જાણી

ગયો. અને તત્તજ પોતાની ગંભીર ભૂલ માટે પસ્તાવો કરવા લાગ્યો

" અરરર ! આજ લોકો લુચ્ચા લાગે છે અને સુરેશને તથા રમ્ભાને પણ ફસાવ્યા હશે તેમ લાગે છે! અરે પણ હું હોંશીયાર ગણાઉં છું છતાં પણ ફસાયો. પહેલા તો રાત્રેજ ફસાયો અને પૂર્ણ સાવધ છતા આ ફરી સપડાયો હવે શું કરવું!" આમતે સ્વાગત બોલવા અને બીજી કોટડીની વચ્ચે જાળીયું હતું તેમા કોણ દુભાગી છે તે જોવા તે ઉઠયો પણ જાળીયું ઉંચું હોવાથી તેણે ત્યા પડેલા ખોખા પર પગ મુકયો અને જાળીયામા જોયું તો બીજી કોટડીમા સુરેશ સુતો હતો.—

તેણે સુરેશને બૂમમારી " સુરેશશેઠ ! સુરેશ ! "

સુરેશ જાગૃત થયો અને આમતેમ તપાસ કરવા લાગ્યો ઉંચે જોતા તેણે દેવેન્દ્રને જોયા અને તે તરતજ ઉભો થયો.

" કોણ ડીટેકટીવ સાહેબ તમે પણ કેદ ? " તેણે પુછયું. હા પણ મને તો ફાયદો થયો, કોણ કારસ્થાની છે તે તરજ મારી જાણમા આવ્યું. "

" કોણ છે અને મારા પિતાનું ખુન નથી થયું પણ પોતે આપઘાત કર્યો છે. "

" હું તો કેશવલાલને ધારૂં છું. ? " દેવેન્દ્રે પોતાનો સંશય જણાવ્યો.

" હાય દુષ્ટ તુંજ કે ? " આમ કહીને એકદમ નીચે પડી ગયો.

દેવેન્દ્રે જેવો હાથ લાંબો કર્યો તેવોજ એજ સળીયો દબાવ્યો અને તે ખોખા સાથે હેઠળ ઉતરી પડયા' સુરેશ બેભાન અવસ્થામા ત્યાંજ પડી રહયો. થોડી વારે તે શુદ્ધિ આવ્યો અને દેવેન્દ્રની તપાસ

ફરવા લાગ્યો. પણ તે ત્યા ન હતો ? " હાય હવે શુ કરવું " આમ કહી તે પણ નીચે પડી ગયો

દેવેન્દ્ર તરતજ હેઠળ પડ્યો: ત વખતે તે શુદ્ધિમા ન હતો. પણ બહારની થંડી હવા આવવાથી તે જાગૃત થયો. અને તપાસ કરવા લાગ્યો જે જગ્યાએથી સુર્યનું તેજ આવતું હતું તે બાજુ તે ગયો પણ તરતજ ત્યા કોઇના આવવાનો અવાજ થયો. દેવેન્દ્ર સંતાઇ ગયો અને શું થાય છે તે જોઇને તેણે તેમની પાછળ જવાનો વિચાર કર્યો.

" બસ સાલા યાદ રાખ આવું કરતા બહુ વિચાર કરવો હતો ! " પણ " ભાઇશાબ ! મને શું ખબર ? ઉલટો મેંતો તેને ફસાવ્યો ! રોકી રાખ્યો નહિતો તે કયાથી આપણા પંઝામા આવત ! " આવનારે જવાબ આપ્યો.

" તે ખરૂં છે ! પણ લાચાર અમેતો તાબેદાર સેવક છીએ ' " આમ વાત કરતા તેઓ દેવેન્દ્ર ઉભો તે જગ્યા આગળ આવી પહોચ્યા.

" ચાલ બેસીજા ! " એક ઓટલી પર તેને બેસી જવાની ફરજ પાડી. તે કોઇ નહિ પણ દેવેન્દ્રને વાત કરનાર જીવણ હતો બીચારો ત્યા બેઠો અને વીસ ઇંચીયા ખીલા તેના શરીરપર ઠોકવા માડયા.

" ઓ બાપરે !........તે બુમ પાડવા માડયો......"અરર હુ કયા અહીં આવ્યો ! પણ ઠીક થયું એટલાજ પાપ કર્મથી છુટયો ! પણ મિત્રો યાદ રાખજો કે હુ આબરૂ ભેર મરૂં છું પણ તમો જયારે પકડાશો ત્યારે બે આબરૂથી મરશો ! " આમ કહી તેનો જીવ ચાલ્યો ગયો.

દેવેન્દ્ર આદસ્ય જોઇ રહયો ઘડીમા તેને તેમ થવું કે હું જાહેર

થઇ જાઉ પણ વળી પાછો બ્હારનો પતો મેળવવાથી તે તો ચુપ રહેવુંજ ઉચીત ધાર્યું છેવટે પેલાઓ પણ ચાલવા માંડયા. દેવેન્દ્ર તેમની પાછળ પાછળ ચાલ્યો. કેદ બારણા નજીક આવ્યા પેલાઓએ તેમના એકને બારણુ બંધ કરવાનું કહયું અને તેઓ ચાલતા થયા. " ચાલ અહીં કોઇ નથી. તો હું જરી આરામની ઔષધી લઉ ? " આમ કહી તેતો દારૂની બાટલી ચઢાવવા ના ઇરાદાથી તે દારૂ લેવા આગળ ગયો. અને દેવેન્દ્ર તરતજ ત્યાથી છટકી ગયો.

" કોણ ગયું ? " પેલાએ દારૂની બાટલી લેતા લેતા કહયું અને અને તરતજ તે પાછળ દોડયો. દેવેન્દ્રને નાસતો જોઇ તે પણ તેને પકડવા દોડયો. અને જયા દેવેન્દ્ર પકડી પાડે ત્યાં તો ધડાક અવાજ થયો અને આવનાર માણસ ધમકાના અવાજ સાથે નીચે પડયો દેવેન્દ્ર તરતજ ત્યાથી તાપી નદીના કિનારા પર આવી પહોચ્યો અને વિશ્રાંતિ લેવા માડયો.

દેવેન્દ્ર પણ કેદ પકડાયો છે આ જાણી કેશવ ત્યા તેની તપાસ કરવા આવ્યો આજ તેને સુરત આવે સાત દિવસ થયા પણ કોઇના જાણમા ન હતું ફકત તેનો મિત્ર રણછોડ તે જાણતો હતો.

સુરેશથી હમણા બધું છાનુ રાખવાના હેતુથી તેતો કાળો બુરખો ધારણ કરી લીધો અને રણા સાથે તે આગળ વધ્યો.

" કયા તેને કેદ કર્યો છે ? "

" આ કોટડામાં ! " આમ કહી તેણે કોટડી ઉઘાડીતો ખાલી અંદર કોઇ ન મળે !

કયા છે ? કેવી તપાસ રાખો છો ! બોલાવ પેલાને......... તરતજ તેની ટોળીના માણસો ત્યા આવ્યા " દેવેન્દ્ર કયા ? " તેણે ગુસ્સાથી પુછયું " અમને શું ખબર ! "

" કેમ શું ખબર ? " લાલ પીળા આંખ તણું કહ્યું.

" એ બદમાશ ! તુંજ આવો નીકળ્યો કે ? " સુરશે બૂમ મારી તરતજ પેલાઓ ત્યાંથી ચાલ્યા ગયા. અને ક્રોધ પણ પ્રકારે દેવેન્દ્રને પકડવા તેમણે માણસો દોડાવ્યા પણ વ્યર્થ.

દેવેન્દ્ર ત્યાથી સીધો ગાડી ઉપર આવ્યો હતો તેણે અમદાવાદ તરફનો માર્ગ લીધો. અમદાવાદમા શું હશે તે જાણવા, અને બનેનો તરતજ મદદ સાથે આવી. તેઓને છોડવવા આમ વિચાર કરતો હતો ત્યાં ટ્રેન આવી પહોચી અને તેણે ડબ્બામાં પોતાની સીટ મેળવવા દોડધામ કરી. આખરે સીટ મેળવી. અને પોતે સુરતના બનાવ પર નજર નાખતો અમદાવાદ ચાલ્યો.



## પ્રકરણ પાચમું.

### આ શું. !

દેવેન્દ્ર સુરતથી નીકળી અમદાવાદ આવવા ગાડીના ડબામા બેઠો. જે ડબ્બામાં તે બેઠો હતો તે સેકન્ડ કલાસનો હતો. તેમાં કોઈ પણ ન હતું. ફક્ત દેવેન્દ્રજ બેઠો હતો. તેના બેઠા બાદ તરતજ એક ભીખારી ત્યાં. આવ્યો અને દેવેન્દ્ર પાસે ભીખ માંગી. દેવેન્દ્રે તેને કહ્યું કે. "હરામખોર! હાડકાં સારા છે તો ભીખ શું કરવા માંગે છે! નોકરી કરને! તમારા જેવાજ દેશના દુશ્મન છે!"

"પણ આપને આપવું હોય તો આપો ના આપવું હોય તો કાઇ નહી પણ તેમા આટલા શબ્દો બોલવાનું કારણ ?" ભીખારીએ પૂછયું "વાહ ? તું પણ ખરો તો ?" આમ કહી તેણે ગજવામા થી પૈસો કહાડવા માંડયો અને જ્યાં ભીખારીને આપવા તે જતો હતો ત્યા તો આવનાર ભીખારી ગુંમ થઇ ગયો. 'અરે આશું ? ભેટ ?' સહસા તેનાથી બોલી જવાયું. "આ કોણ ? પોતે ભીખારી હતો. મેં તેને પૈસો આપવા માડયે તો તે પલાયન થઈ ગયો ? જરૂર તે કોઇ દુસ્મનનો માણસ જણાય છે મારો હજુપણ તેઓએ પીછો નથી મુકયો ખેર હવે તેઓ શું કરવાના છે ? મેં તેમનું ઠેકાણું જોઇ લીધું છે. આમ કહી દેવેન્દ્રે કાચની બારી

વાસી. ટ્રેનનો વખત થતા સીટીવાગી અને ટકોરા સાથે ટ્રેન મુન્ત સ્ટેશન છોડી ચાલતી થઇ.

રાત્રીનું ઘોર સામ્રાજય વ્યાપ્યુ હતું ટ્રેઇન પણ ફાસ્ટ હોવાથી પુરતકડપથી ચાલતી હતી અને શીયાળાનો દિવસ હતો. દેવેન્દ્રે તેની બેગમાથી સાલ કહાડીને જરી આરામ લેવાનો વિચાર કર્યો અને જોત જોતામા તો તે ઉંઘમા નાકના નસ્કોરા બોલાવવા લાગ્યો.

બરાબર આજ સમયે એક માણસે બુરખો ધારણ કર્યો હતો અને ચાલતી ગાડીએ તેણે પગથીઆપર ચાલવા માડયુ અને તે જોત જોતામા દેવેન્દ્રના ડબા આગળ આવી પહોચ્યો. તેણે અંદર જોયું તો દેવેન્દ્ર ઉંઘમા હતો. તે આવનાર માણસ મૂછમા હસ્યો અને કમરેથી કટાર કડાડી તેણે કાચનું બારણુ ઉઘાડયુ અને દેવેન્દ્રનું ખૂન કરવા તૈયાર થયો પણ માણસનુ ધાર્યુ થતું નથી, અને જો થાય તો આખુ જગત ઉંધુજ વળી જાય એ તો સઘળુ ઇશને હાથ હોય છે. બારણુ ઉઘાડતા કરતો બ્હારનો પવન અંદર આવ્યો અને દેવેન્દ્ર જાગ્યો તરતજ તેણે પેલો હાથ જોઇ લીધો અને ધીરે રહી તેણે તે હાથને એવા જોરથી પકડયો કે છરી ત્યા પડી ગઇ. અને દેવેન્દ્ર જેવો પોતાની પિસ્તોલ કહાડવા જાય છે ત્યા પેલો ઝડપથી તેનો હાથ છુટાવી નાસી ગયો.

દેવેન્દ્ર બારીમાથી ડોકીયું બહાર કહાડયું અને ચાર પાચ, બાર ખાલી કર્યા પણ કોઇ જણાયુ રહી દેવેન્દ્ર ડાબી હાથે બાધેલું ઘડીઆળ જોયું તો તેમા પાચ વાગ્યાનો અમલ થયો હતો ઉઠયો અને મ્હો ધોઇ ઇશ્વરનું સ્મરણ કરતો તે પોતાની જગ્યાપર બેઠો " ખરેખર દયાળુની મારી પર અથાગ કૃપા છે ? આમ કહી તેણે પેલી છરી ત્યા પડી હતી તે લીધી અને આજુ બાજુ બારીકીથી અવલોકન કરવા લાગ્યો.

આમ તેમ જોતા જોતા છરી પર " કેશવચંદ" આટલાઅક્ષરો વાચ્યા શું કેશવ અહીં આવ્યો હતો ? ઠીક થયુ છરી પણ ઉપયોગી થશે " આમ વિચાર કરતા કરતા ટ્રેઇન અમદાવાદમ. પ્રવેશ કરી ચુકી અને દેવેન્દ્ર પણ પોતાની બેગ લેઇ ટીકીટ ઓફીસ તરફ ચાલવા માડયું રાજનગર અમદાવાદમા પણ કયા ભીડ ઓછી હોય છે ? કોઇ, કોઇ કામે આવ્યું હોય તો કોઇ નોકરી અર્થે તો કોઈ દવા લેવા ઇત્યાદી પરચુરણ કામો માટે અમદાવાદના સ્ટેશન પર ભરચક ગીરદી રહેતી હતી

દેવેન્દ્ર ત્યાથી સીધો બ્હાર આવ્યો અને સ્ટેશન પર ભાડુતી ગાડીને માટે ઉભો રહયો " શેઠ ગાડી એક આના-સ્ટેશનથી ભદ્ર-જમવા આવવુ છે ? કયા જશો ? શેઠ મજુર ? " આવા તરેહ તરેહના બુમ બરાડા મારતા આપણે કયા નથી સાભળતા દેવેન્દ્ર એક ભાડુતી ગાડીમા સ્થાન લીધુ અને પોતે પ્રથમ ઘર તરફ ચાલવા માડયું દેવેન્દ્ર ગાડીમા બેઠા પછી અમદાવાદના નવા સમાચાર જાણવા માટે ગાડીમાથી બ્હાર ડોકીયુ કર્યું તો પૂર્વ પરીચીતકોઇમાણસ સાધુ રૂપે ચાલ્યો જતો "હતો આ કોણ હશે પેલો ભિખારીતો નહી ? આમ તેને તરંગોની માળા ફેરવા માડી. આખરે ગાડીવાળાને તેણે કહ્યુ કે પેલા સાધુની પાછળ પાછળ ગાડી હંકારી અને તે પ્રમાણે ગાડીવાળાએ અમલ કર્યો પણ સાધુ રૂપે જનાર માણસ જોત જોતામા એક ગલીમા ગયો અને ત્યાથી કયાય અદ્રશ્ય થઇ ગયો.

આખરે કંટાળી દેવેન્દ્ર તેના ઘર તરફ જવા ગાડીમા આવીને બેઠો અને પોતે થોડોજ વારમા ઘરમા આવી પહોંચ્યો દેવેન્દ્રની સ્રી સુશીલા નામ પ્રમાણે હોશીઆર હતી બારણામા ગાડીનો આવાજ સાભળી સુશીલા ત્યા આવી તો તેનો પતિ નજરે પડયો સતીને પતિ જોઈ

કેટલો આનંદ થાય ? તે તો સતીજ જાણે પણ તે ઘણાજ આનંદ હિલાસમાં આવી ગઈ દેવેન્દ્ર દીવાનખાનામાં જઈ લુગડાં ઉતાર્યાં અને થોડોક આરામ લેવાના હેતુથી તે બેઠો– શુશીલાપણ દેવેદ્રને સ્નાન માટે પાણી તૈયાર કરીને ત્યાં આવી. અને દેવેન્દ્ર સ્નાન કરવાનું સુચન કર્યું.

" ભીખો કય ? દેવેન્દ્રે પુછ્યું ભીખો તેમનો જુનો નોકર હતો તે ઘણોજ વિશ્વાસપાત્ર હતો. એટલુંજ નહિ પણ વખતો વખત પણ દેવેન્દ્રને મદદ પણ કરતો હતો. ખૂન કેસમાં ભીમો રસ લેનાર હતો. અને પોતાને મદદ મળશે એ હેતુંથી ભીખાને દેવેન્દ્ર કોઇ પણ કહેતા નહી. તેમજ શુશીલાને પણ તાકીદ આપી હતી કે ગમે તેવું નુકશાન થાય પણ તારે ભીખાને કાંઇ પણ ઠપકો આપવો નહિ. તેમ એક શબ્દ સરખોય બોલવો નહી.

" કાંઇ કામસર તેના પિતાને ત્યાં ગયો છે ! " સુશીલાએ કહ્યુ " ક્યારે આવશે ? તે કહયું છે કે નહિ ? "

" આજ આવશે ? કેમ કાંઇ કામ હતું ? "

" ના હું તો પુછતો હતો ! "

આમ કહી તેણે સ્નાન કાર્યથી પરવારી લીધું અને રસોડામાં તે જમવા ગયો. જમી રહ્યા બાદ બન્ને પતિ પત્નિ દિવાનખાનામાં આવીને બેઠા સુશીલાએ પાન તૈયાર કર્યું અને દેવેન્દ્રને આપ્યું દેવેન્દ્ર પાન લીધું અને ન્યુસ વાંચવામાં મશગુલ થયો.

" કેમ નાથ કાંઇ પતો મળ્યો કે ? "

" હા ! જેવો તેવો મળ્યો છે ખરો ! "

" કોણ ખુની છે બદમાશ ?

" કેશવપ્રસાદ ! "

હેં કેશવ શેઠનો વિશ્વાસુ મુનીમ ! ”

“ હા અને તેજ આ બધા કારસ્થાનોનો કર્તા છે ? ” આમ તેણે પાછું વાંચવામા પોતાનું ધ્યાન રોક્યું તેવામાં “ચીમનલાલ શેઠને ત્યા મોટી ચોરી” આ વાચવામાં આવ્યું દેવેન્દ્રે પૂર્ણ રીતે બધું વાચ્યુ. અને વળી આ શો ભેદ છે તે જાણવાને બહાર જવા તૈયાર થયો. લુગડા પહેરીને બ્હાર આવ્યો તેવો. એકજ નવ વરસનો છોકરો આવ્યો અને બોલ્યો. “ દેવેન્દ્ર આપનું નામ કે ? ” જવાબમાં દેવેન્દ્રે હા કહ્યું અને તન્તજ પેલો છોકરો તેના હાથમાં ચીઠી આપી પલાયન થઈ ગયો તેણે ચીઠીમાં વાંચ્યું તો. “ તું જે કામે જવા તૈયાર થયો છું તે કામ તારા જેવાથી કદીપણ થનાર નથી. જા-તને યશ નહી મળે ! ”

ચીઠી વાંચી દેવેન્દ્ર અજાયબ થયો. આ શું ?

પેલો છોકરો ક્યા ? આખરે તેણે ગમે તે રીતે ત્યા જઇને તપાસ કરવાનો વિચાર કર્યો. અને પોતે ત્યાં આવી પહોચ્યો. તે મળેલા ત્યા પોલિસ કોન્સટેબલ પણ તપાસ કરતા હતા. ત્યા દેવેન્દ્ર આવી પહોચ્યા સાંભળી સર્વેએ તેમને જગ્યા આપી.

‘ કેમ ? દેવેન્દ્ર ? શું થયું તમારા કામનું ?”

“ હજુ કાંઇ નથી થયું. ”

“ તો લ્યો આ વળી વધારાનું ? આજ સવારના કેશવપ્રસાદ મારે ત્યા આવ્યો અને મોટી થયાનું તથા ભઇયાને પણ માર્યાનું તેણે જણાવ્યું !”

“ કોણ ? કેશવપ્રસાદ ?” દેવેન્દ્ર અજાયબ થયો કેશવપ્રસાદ સુરતમા કે અહીં ? મેં તેને કાલ સુરત જોયો હતો ને આજ અહીં ક્યાથી ?”

" હાજી ! હું મને પણ માર્યો છે ?" કેશવપ્રસાદે જુબાની આપી, !

" ઠીક ! પણ તમને કોઈની પર શક જાય છે ?" દેવેન્દ્ર સ્વસ્થ થઈને પૂછવા માડયું.

" ના જી ! પણ મને તો બેશુદ્ધ કર્યો હતો તે કયાથી હું માણસને ઓળખુ ?" કેશવપ્રસાદે કહ્યું.

" સારૂં—ભઇયો કયા છે ?" પોલીસને દેવેન્દરે પૂછવા માડયુ

" તેની કોટડીમા "

" ચાલો " અને સર્વ સાથેજ ભઇયાની કોટડીમા આવી પહોંચ્યા

દેવેન્દ્રે હાર રક્ષક ભૈયાને બેશુદ્ધ થયેલો જોયો તેના માથામાંથી લોહી નીકળતું હતું. તેનું સારૂંય શરીર લોહીથી રંગાયેલું હતું. દેવેન્દ્ર આવું કરૂણ દશ્ય નીહાળતાજ કંમ્પયો અને તેણે બીજા નોકરોને બોલાવી ભઇયાની સારવાર કરવા સુચના આપી. કેશવપ્રસાદ પણ આવી દશા જોઇ કમ્પયો તેમ તેના શરીર પરથી માલુમ પડયુ સારવારને અંતે ભઇયો શુદ્ધિમા આવ્યો ને કેશવપ્રસાદે બોલાવેલ ડાકટર પણ ત્યા આવી પહોચ્યો તેણે જખ્મી ઘા આગળ પાટા બાંધ્યા.

બરાબર સ્વસ્થ થતા આવી દશા થવાનું કારણ. દેવેન્દ્રે પૂછયું ભઇયાએ મદ અવાજે કહેવા માંડયું કે " રાધા બ્હેનની સુચનાનું મનન કરતો કરતો હું મારી કોટડીમા બેઠો હતો !"

" કોણ ? રાધા બેન !"

" કેશવપ્રસાદની ભત્રીજી પણ દીકરી તરીકે ગણે છે ! તે દિવસે કેશવપ્રસાદ બ્હાર ગયા હતા. ?"

" હં પછી શું થયું ?"

બરાબર રાત્રીના બાર વાગતાં ટકોરા મેં સાભળ્યા આ વખતે

મેં એક માણસને દીવાલ કુદતા જોયો હું લાકડી લેવા કુદયો એટલામાંજ તે માણસોએ ઝાંપા પરનો દીવો ઓલવી નાંખ્યો.

અને હું બ્હાર નીકળું તે પહેલાંજ તેઓએ મારી કોટડીમા મને મારવા માટે હુમ્લો કર્યો. હું રાત્રીનું ઘોર અંધકાર હોવાથી. તેનું મો જોઈ શક્યો નહી. પણ એટલું તો જોઇ શક્યો કે તેનું મુખ બુકાનીએ બાંધીને છુપાવ્યું હતું મેં પણ તેની સાથે મારૂં જોર અજમાવવા માડયું પણ તેવામાં તેણે સંકેત કરી બીજાઓને બોલાવ્યા. અને બધાયે એકી સાથે મારાપર ધસારો કર્યો. મેં પણ લગભગ અડધો કલાક સુધી ટકકર ઝીલી પણ આખરે તેઓ બધાની સમક્ષ હું કયા સુધી ઉભો રહું ? છેવટે મારા માથા પર લાકડીનો ફટકો પડતા હું બે ભાન અવસ્થામા હેઠળ પડ્યો. પછી શું થયું તેની મને ખબર નથી " આટલું કહી ભૈયો શાંત થયો. દેવેન્દ્રે આ બીના ડાયરીમા નોંધી લીધી. અને સર્વ પોલીસને ભૈયાને સીવીલ ઈસપીટાલ મા લઇ જવા હુકમ કર્યો કેશવપ્રસાદ અને દેવેન્દ્ર બંન્ને જણા દીવાન ખાનામા આવી બેઠા ચહા આવ્યો. ચહા પીતા કેશવપ્રસાદેદે કહ્યું " આપને બીજી જાણ થઇ છે ?

" શું ? " દેવેન્દ્રે આશ્ચર્યતા દર્શાવતા પૂછ્યુ.

" મારી રાધાંનુ પણ હરણ થયું ! " રડતાં રડતા કેશવપ્રસાદે જણાવ્યું.

" ઓત્તારી વળી આશું ? " દેવેન્દ્ર વિચાર કરવા લાગ્યો.

" કોણ લઇ ગયું ? "

" ગઇ રાતનાજ! તે ગુમ થઇ એમ મને તો લાગે છે કે મોટી ચોરી સાથે તેને પણ તેઓ ઉપાડી ગયા હસે! મારી તે પેટની દીકરી હતી તેમ કહું તો ચાલે ! હાય ! તેણે દુસ્મનોનું શું બગાડયું હશે ? " આમ કહી કેશવપ્રસાદ રડવા લાગ્યો.

" ઠીક–તે તપાસ કરશું ? પણ કાલતમે કયા ગયા હતા ? "

" હું ? હુંતો કાલ......

" હા ! તમોજ કેમ બોલતા બોલતાં અચકાયા ? "

" ખાનગી કામે ગયો હતો "

" પણ કયાં ? "

એટલે આપનું ધારવું એમ છે કે મેંજ મારી પુત્રીનું હરણ કર્યું આ માલ મતા મેજ લુટી ? કેશવપ્રસાદે શંસય અવાજે પુછ્યું

" ના—જી મને આપના માટે માન છે તેમા શેઠના વિશ્વાસુ મનીમ અને તેજ વિશ્વાસથી રંભા તમને સોપીને ગઇ પણ મારે આ કેસ સાથે તેવું બન્યું છે માટે મને મહેરબાની કરી જણાવો ? "

" હું સીદ્ધપુર ગયો હતો !

' કારણ ? "

" તે પણ આપને પૂછવાની શું જરૂર ?

" મારો સંશય દૂર કરવા ! "

" મીલના કામે ? "

" કયારે પાછા આવ્યા ?

" આજ સવારે ? "

" એમ ત્યારેતો તમે કહેતા હતા કે મને પણ ફસાવ્યો હતો શું તે વાત થાવ ખોટી ? " દેવેન્દ્રે તેને પકડયો.

" ના...હું આવ્યો ત્યારે આ ધમાલ ચાલુ હતી. અને હું જેવો ઝાપામા પેઠો તેવોજ પકડયો. આખો બંધ કરી–અને પછી શું થયું તેની મને ખબર નથી ! કેશવપ્રસાદે હડહડતું જુઠાણું ચલાવ્યું

" ઠીક તો આ છરી આપની ખરી કે ? " દેવેન્દરે ખાડામાંથી મળેલી છરી બતાવાં પૂછ્યું.

" હા ! તે પણ આજ ત્રણ માસ પર કોઇ લઇ ગયું હતું !"

" એમ ? કોણ લઇ ગયું હતું !"

" મને ખબર નથી. તે તો રાધાના હાથથી ખોવાઇ હતી !

" યાદ રાખજો પાપીઓ, તમારા પાપનો ઘડો ભરાવો આવ્યો છે ! અને હવે તમો ટુંક મુદતમાંજ કોર્ટમાં ઘસડાશો !"

' કોને કહો છો ?" કેશવપ્રસાદે ધ્રુજતાં પૂછ્યું.

" કાળા કારસ્તાનના કરનારનેજ—"

" હા ! ભઇશાબ મારી ભત્રીજીની પણ તપાસ કરજો આમ તમને તો કેટલો બધો બોજો આવી પડ્યો ચીમનલાલનુ ખૂનનો તો પતો હજુ મેળવ્યો નથી ત્યાં તે વળી આ બલા !" કેશવપ્રસાદે પણ મશ્કરો લગાડવા માડ્યો—

" ઠીક છે ? કેશવપ્રસાદ હું સંપૂર્ણ તપાસ કરીશ !"

આમ કહી દેવેન્દ્ર ત્યાથી ચાલતો થયો " આ શું ભેદ છે ? કાંઇ સમજ પડતી નથી ! આમા તો ખરેખર તેનો હાથ નહિ હોય કારણ કે તેની પુત્રીજ ગુમ થઇ છે ! અને તેમ વળી કાલ તે સુરત હતો......" આવા વિચાર વમળના ગુંથણે ગુંથાતો દેવેન્દ્ર એક થાભલા સાથે અથડી પડ્યો. ત્યારે તેને ભાન આવ્યું કે પોતે ક્યાં છે.

આખરે તેણે ઝડપ બંધ પોલીસ કોર્ટમાં જવાની તૈયારી કરી અને જોત જોતામા તે ઓફિસમાં આવી પહોચ્યો તરતજ અંદરથી તેમનો ઉપરી રામરાવ આવ્યા અને બોલ્યા " મી. દેવેન્દ્ર કહો શું સમાચાર છે ?"

" બધો મામલો ગંભીર છે ?"

" પતો મળ્યો કે નહિ ?"

" ના—

" તો તમો આવા પ્રખ્યાત અને બાહોશ ડીટેકટીવ ગણાઓ છો છતાં પણ હજુ કેમ પતો નમળે ? " સમજાતું નથી ? "

" પણ એકમાંથી બીજું અને બીજામાંથી કાંઇ કાંઇ મળી આવે છે. "

' સુરતમાં શું થયું ? "

" સુરેશ પણ ગુમ થયો છે અને રંભા શેઠાણીનો પતો નથી ! છતા હું પણ ફસાયલો અને તેમાં મેં સુરેશનો પતો મેળવ્યો બધા કારસ્થાનનો કર્તા કેશવ લાગે છે, તેમ મને તો જણાયું ! "

" તેના પુરાવામા કાંઇ ? "

" હા ! મને આવતા, ગાડીમા ખૂન કરવાના ઇરાદાથી આવેલ તેના હાથમાથી આ છુરી પડી ગઇ હતી. તે " આમ કહી તેણે છરી રામગવને આપી. " અને જુઓ તેના પર નામ પણ લખ્યું છે " કેશવ દ આમ નામ લખ્યું છે !"

આખરે આટલી વાત ચીતને અંતે દેવેન્દ્ર ત્યાંથી તેના ઘર તરફ ચાલતો થયો—



## પ્રકરણ છ ઠું.

### " હવે શુ કરવું ?"

કેશવપ્રસાદ દેવેન્દ્રના ગયા બાદ તરતજ બીડીના ધુમાડા કહાડતો સ્વગત કહેવા લાગ્યો. " હવે શું કરવું " બદમાશ લુચ્ચો દેવેન્દ્ર મને પણ ફસાવવા આવ્યો છે. ઠીક પણ તેને કયા ખબર છે કે હું પકડાઉ તેમ કયા છુ ? સારૂં અમદાવાદ મને શેઠ માને છે બધાને મારી પર સંપુર્ણ વિશ્વાસ છે તો પછી કેશવ કયાથી પકડાય ? " આમ તેમ વિચાર કરવા લાગ્યો. તેટલામા રામુ ત્યા હાજર થયો—

" શેઠજી ? "

" કોણ ? "

" રામુ-સાહેબ ?"

" કેમ ? શુ સમાચાર છે ? " કેશવપ્રસાદે તેની તરફ જોઇ પૂછયું

" રંભાને કહેવા જતા રંભા મૂર્છીત થઇ કાઇ તેણે મને તેનું ખૂન કરવાનું ચોકખું ના કહ્યુ ?"

" હેં ? શું તે પણ ફરી ગઇ ?" થોડીવાર વિચાર કરીને કહ્યું " જાવ-તેને બોલાવી લાવ ?"

આમ કહી રામુને તેણે વિદાય કર્યો,

જોતજોતામા રામુ રંભાને લઇને ત્યાં હાજર થયો. અને કેશવપ્રસાદની પાસે તેને હાજર કરી.

" કેમ ? રંભા શેઠાણી ?"

" મને શા માટે બોલાવવા આવી છે ?"

" તને ? ખબર નથી ? પ્રથમજ તને કહ્યું હતું કે આપણો માર્ગ નિશકંટક કરવા માટે તારેજ આ કાર્ય હાથ ધરવું પડશે ?"

" ના—ના—કદી નહિ બને ? સમજ્યા ?" આ સાંભળી કેશવપ્રસાદ ખડખડ હસવા માંડયો.

" હસો—હરામખોર શયતાન હસો ?" ગુસ્સાથી રંભાએ કહ્યું

" અને આપ સતી કયારના થયા છો ?

" બસ—ભંયકર બદમાશ મારો સુરેશ કયાં છે ?

જહાન્નમાં ? જ્યાં સુધી મને કાગળપર સહી નહિ કરી આપો ત્યાં સુધી હું તને છોડનાર નથી. તે અત્યારે મારા ભોયરામાં મઝા કરતો હશે ? કેશવપ્રસાદે પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી.

હાય ? દૈવ ? શું તું નીમકહલાલ.........

તારા કહેવાથીજ ?

હં. શું મારા કહેવાથી ? ઠીક છે નરાધમ ? હવે જોઇ લઇશ કે તું શું કરે છે.

યાદ રાખજે કે આ રંભા તને કોઇપણ રીતે ફાવવા દે તેમ નથી ? ગુસ્સાથી,

અહો ? હો હો......પણ તું છુટે તોજ ને—?

" તો શું કરી શકવાનો છું ?"

" એમ કે ? યાદકર તારા પુત્રના જે હાલ થયા તે. બલકે તેનાથી પણ બુરા હાલ થશે ?"

" તો હવે શું રસ્તો છે ? મારે બચવાનો ?" રંભાએ પ્લોટ બદલવા માંડયો.

" ઠીક આખરે ઠેકાણે આવી ?"

" જરી સંભાળીને બોલ ? ગમે તેટલો તો પણ હુ મારો નોકર છું ? તે ભૂલી ન જતો "

" હા ? શેઠાણી તો ખરા પણ જાહેરમા ?"

" અને બીજે ?"

" રામુ બ્હારજા ?" તરતજ તેણે તેના નોકરને જવાની રજા આપી.

" ચાલ. હવે શું વિચાર કરે છે ?"

" શી બાબતનો ? "

" કાગળ પર સહી કરાવી આપ, અગર તો તારા પુત્રનું ખૂન"

" કાઇ સહી કરી આપવી. તે મારા હાથમા નથી સમજ્યા તે"

" તો........."

" ના—તે કદીપણ નહિ બને ? માતા કદીપણ તેના પુત્રનું ખૂન નહિ કરે ? સિંહણ ભૂખી હશે પણ કદી તે ઘાસનો ભક્ષ નહિ કરે ? પછી ભલેને જીવ જાય ?" ગુસ્સાના આવેશમાં બોલી ઉઠી.

" તો—શું વિચાર છે તે જણાવ ? અને તેમ છેવટનોજ જણાવજે યાદ રાખજે કે તારા તે વિચાર પર તારા પુત્રનો જીવ અવલંબી રહયો છે ?"

" ભલે ને પુત્ર જાય ? બધું જાય છતા હું પુત્રને સહી કરી આપવાનું તો નજ કહું.

તેમ મારા હાથે કદીપણ એ પાપી કાર્ય થનાર નથી ?"

" તો–તે વખતે પાપી કાર્ય નહિ કે ? મધ્યરાત્રિએ ?"

" પણ એ કાંઇપૂર્ણ નથી થયું ?"

" ઠીક ! યાદ રાખજો રંભા શેઠાણી આમા તમે તમારા પુત્રનો જીવ ગુમાવવાના છો ?

" ઠીક ? એજને રંભાએ પૂછ્યુ

" હા ? એ. એટલે તમારા હીસાબમા પણ નહિ હોય ? કેમ?" કેશવપ્રસાદે કહ્યું.

" હા ? હા ? ભલે નરાધમને સંતોષવા ખાતર પુત્રનીય ? ગમે તેવા હોય હું સીતા—તારા—દમયંતીની પુત્રી છું ? જા. નરાધમ કુતરા—તારાથી થાય તે કરી લેજે ? રંભાએ આમ કહી જવાની તૈયારી કરી. કેશવે તરતજ કાંઇ નીશાની કરી રામુએ તેને જતા અટકાવી.

" નરાધમ—પિશાચ ? મને શા માટે રોકી રાખી છે. " તેણે કેશવ સામે જોઇને કહયું.

કેશવપ્રસાદનો વિચાર તેને શાંત પાડી કળેકળે કામ કઢાડી લેવાનો થયો.

" જરા શાંત થા ! લે ડોઝ આપુ ? નરાધમે પૂછયું

" તુંજ પી તું! યાદ રાખ નરાધમ બહાર તારૂં પોગળ ખુલ્લુ થવા આવ્યું છે. દેવેન્દ્ર તારી પાછળ બરાબર પડયા છે. તને કોઇ રીતે છોડે તેમ નથી "

ઠીક ! મારૂં તો થનારૂં હોય તે થાય પણ તમો કયાંથી બચશો પણ તે બચ્યા પહેલા આપ એનો કહો કે આપ સતી કયારના થયા છો. ? "

" સમજી ત્યારથી ? "

" નો પાછા પેલી પુછ્યા ? "

આ સાંભળતાંજ રંભાના માથે વિજળી પડી હોય તેમ થયું અને તરતજ તે બેભાન બની ગઈ.

" ઉપાડી જાવ આને અને કેદ કરો ?"

" કયાં ? "

" આની પાછળના ખંડીયેરના ત્રીજા રૂમમા "

અને તરતજ તે પ્રમાણે અમલ થયો. રંભા પણ કેદ પકડાઇગઈ તેવામા સૂર્ય ત્યાં આવી પહોચ્યો

" કેમ ? સૂર્ય શા સમાચારછે ? "

" મારો વિચાર તો બધાને ત્યાની અહીં લાવવાનો છે ? "

" પણ કાંઇ નવા જુની ? "

" હા ! નવા જુની ફક્ત તેટલીજ કે સુરેશ છુટી ગયો ! "

" શી રીતે ? કોણે છોડાવ્યો ? "

" તેજ નરાધમે ! "

" કોણે દેવેન્દ્રે ? "

" હાય ! હવે શું કરવું ? " તરતજ તેણે બે હાથે માથું પકડી આરામ ખુરશીમા પડયો.

જે વખતે દેવેન્દ્ર ત્યાંથી ચાલ્યો ગયો તેજ વખતે આપણે વાંચી ગયા કે તે સ્ટેશન પર ચાલ્યો પણ તે પહેલા ત્યા ફરતા સિપાઇને તમામ બીના તેણે બતાવી હતી. અને ત્યારબાદ દેવેન્દ્રનો તાર મળતાં તે સીપાઇએ પ્રવેશ કર્યો અને ઉપર ચડવા વિચાર કરતા હતા ત્યા લારી તૈયાર હતી અને તેની પર બેસતાંજ સિપાઇ ત્યા ગયો અને સુરેશને તેણે છોડાવ્યો.

" હાય ! દેવ ! હમણા જાણે શું દશા બેઠી છે ? પાસા સવળા નાખવા પ્રયતન કરૂં છું પણ અવળાજ પડે છે ! "

" પણ તેણે સહી કરી આપી કે નહિ ? "

" ના–જી ! "

બસ હવે થઇ રહ્યું ? હવે તો તેને પકડી ખુન કરવાનુ રહ્યુ !"

" હા એ રસ્તો ઘણો ઉતમ છે । આજ રાતના તે આવનાર છે કાલ આપણે તેના ઘરમા દાખલ થઇ તેનું ખૂન કરીએ તો બેડો પાર આવે ! "

" બરાબર છે પણ અહમદખાન નથી ને ? "

" તેનું શું કામ છે સેવક અહિ હાજર છે તો પછી ? "

" એમ તાગથી તે બનશે ? "

" હા ! "

" પણ અહમદખાન હત તો ઠીક થાત કેમ ? ",

" હા હોત તો સારૂં થાત ! એ વાત ખરી પણ તેના વગર અટકી પડનાર નથી ! "

અહમદખાન પઠાણુ હતો આપણા દેશમાં હમણા હમણા પઠાણનો ત્રાસ પણ વધતોજ જાય છે. અને પગારની લાલચે ગમે તેનું કરપીણુ ખુન પણ કરવાને તૈયાર છે. લગભગ ઘણા નીચહૂમલાઓ પઠાણોનાં સહકારથીજ રમાય છે! પછી ભલે તેમા ફતેહ મળે કે ન મળે ! તે તે તો ઇશ્વરને હાથ.

અહમદખાન કેશવપ્રસાદનો વિશ્વાસુ પઠાણુ હતો ગમે તેવું ભયંકર કામ કરવાનું હોય પણ તે તૈયાર હોય ! હમણાં તેઓ સુરત હતા. તેમણે ધાધલ મચાવ્યું પણ નાસીપાસ થવા તેથી સુરેશનું ખુન કરવું આ તેનો છેવટનો નિર્ણય ઠર્યો અને આ સમાચાર રંભાને જણાવવા અને જો તે સહી કરી આપવાનું કબુલ કરે તો તેની સહી લઇ લેવી ! આમ બન્ને નરાધમોએ વિચાર નક્કી કરી રાખ્યો

અને ત્યારબાદ કેશવપ્રસાદ મીલમા જવા લુગડા પહેરવા લાગ્યો.

" પણ રામા બેન ક્યાં ? "

ચુપ તે બાબત હમણાં ગુપ્તજ રાખ તેને કોઇ ઉપાડી ગયુ છે તેમજ વાત કરજે ! "

" જેવો હુકમ ? " આમ કહી તેણે રજા લીધી અને બન્ને જણા છુટા પડયા.

કેશવપ્રસાદ આ નવા કાવત્રા માટે વિચાર કરવા લાગ્યો તેને કેવી રીતે ફસાવવો ? તેને અત્રે બોલાવી ચહામાં ઝેર આપવું કે શું કરવું ? તે બાબત વિચાર કરતો તેણે મીલ તરફ પ્રયાણ કર્યું.



## પ્રકરણ સાતમુ.

### રાધાનો છુટકારો !

રાધા શી રીતે કેદ પકડાઇ ? તે વિષે વાચક બન્ધુ આપણે હજુ અંધારામાજ છીયે ચાલ આજ તે બાબતપર પણ પ્રકાશ પાડીએ છીએ તું જાણે છે કે બધુ કાવત્રાનુ કાર્ય્સ્થાન સુરતથીજ બન્યુ છે. રાધાએ જે દિવસે તેને વાત કરી ત્યાર્થી તે વાત અહમદખાન નામના તેના રક્ષક પઠાણના સાભળવામા આવી હતી. અને તરતજ અહમદખાને કેશવપ્રસાદને બોલાવ્યો કેશવપ્રસાદ પણ દેવેન્દ્રની સાથેજ આવ્યો. પેલાઓએ તરતજ રાધાને અમદાવાદ મોકલી આપી.

રાધાને હાલમા અમદાવાદ જવું ગમતું નહતું પણ જ્યા તેના પાલક પિતાની આજ્ઞા થઇ ત્યાં તેનો શું ઉપાય? રાધા નવનીતલાલની પુત્રી હતી તે અથાગ ધનસંપતી ભેગી કરી મરી ગયા હતા. તેની માતા પણ તરતજ પંદર દિવસ બાદ-મરણ પામી હતી લોકો વાતો કરતા હતા તેના માતા પિતાને કેશવપ્રસાદે ઝેર આપ્યું હતું "સાચુ જુઠુ રામ જાણે" પણ લોકોની વાતો સજ્જડ હતી.

રાધા અમદાવાદ આવી પણ તેનો વિચાર અમદાવાદ જતા સુરેશને મળવાનો હતો પણ રાત્રે નવ ને બે ગણવાના હોવાથી મળી શકાય નેમ ન હતું. આખરે તે રડતા સ્વરે સુરત છોડવા તૈયાર થઇ. આટલું છતા પણ તેનો પાપી આત્મા ગભરાયો અને હમેશાં પાપીનો આત્મા

ભડકયા કરે? અરે! એક પાદડુ હાલે તો પણ પાપીનું હૃદય જાગી ઉઠે! તો આતો જાણભેદુ છોકરી? શરૂઆતમા તેણે સ્વપ્ને પણ ખ્યાલ નહોતો રાખ્યો કે રાધા આવી નીકળશે. રાધાએ જતા જતા કેશવપ્રસાદને કહ્યું કે "મને શા માટે અમદાવાદ મોકલાવો છો?"

ત્યા મારી ગેરહાજરી હોવાથી?

તો પછી હું ત્યા જઇને શું કરીશ?

ગમે તે કરજે પણ હુ કહું તેનો તારે અમલ કરવો પડશે!

પણ કાંઇ કારણ? રડતા રડતા રાધાએ પુછયું.

તો–તું કોની રજાથી ઘરમા બીજાને પ્રવેશ કરવા દે છે?

કોને—

પેલા સુરેશને!

કોણ તમારા શેઠના પુત્રને? જેની તમો નોકરી કરો છો તેને રાધાએ આશ્ચર્યજનક પૂછયો અને તરતજ તે તેના વિચારો જાણી ગઇ.

હા! તેને, ઘરમા કોઈ પણ ના હોય તે વખતે? તું જાણે છે–તું હવે ઉંમર લાયક થઇ છુ? અને આમ તમો છુટ લો તે સારૂં ન કહેવાય? તેટલા માટેજ'" કેશવપ્રસાદે મહામહેનતે કારણ શોધી કહાડયું.

"જો આપશ્રીની એવી મરજી હશે તો હું નહી આવવા દઉં"

"ના–પછી જોઇ લઇશું?"

"પણ–તે અમદાવાદ આવશે ને ત્યારે શું કરશો?" રાધાએ બીજુ કારણ જણાવ્યુ'

"તો આપણે જહન્નમા જઇશું? તે વખતે શું કરશું ને તારે જાણવાની શું જરૂર?" કેશવપ્રસાદે અકળાઇને કહ્યું.

અને તરતજત રાત્રીના બાર વાગ્યાની લોકલમાં તેને રવાના

કરી દેવામા આવી જતા તેણે લોકો ન સાભળે તેમ તેણે કહી દીધું કે આપણા ધારેલા પ્લાન પ્રમાણે કરી તેને પણ કબજે કરજો "દોસ્ત દૂધ પાઇને સાપ ઉછેરવોજ નહિ" માટે તરતજ પકડીજ કરજો"

રાધાને તો ખબર પણ ન હતી કે તે આમ સપડાશે?

આપણે આગળ વાંચી ગયા તેમ રાધાને અમદાવાદ લાવ્યા અને કેશવપ્રસાદે જણાવ્યું તેમ રાધા પણ ગુમ થઈ છે? પણ રાધાને જે જે મકાન હેઠળ જ્યા પાપીઓની બેઠક ખાનું હતું ત્યા તેને કેદ કરવામા આવી હતી.

નરાધમે ચમ્પા નામની દાસીને ખાવા આપવા માટે હમેશ જવાની અને કાકાના કામમા આડે નહિ આવવાની તેણે સમજાવવા કહ્યુ તે મુજબ તેણે રાધાને કહ્યું રાધાએ જવાબ આપ્યો કે શું આવા કાળા કારસ્થાન કરી શા માટે લોકોમા હલકા થાય? મને પણ કેદ કરી? હું તો માનતી ન હતી પણ આવા વર્તનપરથી મને તે ખરેખર સાચુ જણાય છે!

પણ—બા સાહેબ! આપણે તેમની પુરૂષોની વાતમા શા માટે વચ્ચે માથુ મારવું? ચમ્પાએ પુછયું.

કેમ નહિ? જેણે વિશ્વાસપર સર્વ સોંપ્યુ તેનુંજ અહીત કરવું? સખી? યાદ રાખ કે તેવું કરનારને જગત પ્રભુ છોડે તેમ નથી નરાધમોને બરાબર શીક્ષા થાય છે પ્રભુ કાઇ લાકડીથી નથી મારતો.

સજા થાય છે પાપીને પાપની જ્યારે,
અગુણ ફકશે, આપકે હાય! ત્યારે
નહી કાઇ કે અવર હસ્તમાં તેજ લેશે.
થશે પ્રકાર છાના અંતે રીબાઇને મરશે.

અને ખરેખર તો શા માટે આપણે તે જાણતા છતા પણ આંખ આડા કાન કરવા ?

તો શું આ બધું તેમનું તોફાન છે ?

હા તેજ નરાધમોના પરાક્રમો છે ?

ઠીક, પણ મારા જાણવામા તે આવ્યું ન હતું પણ આજ વાત શની હતી કે ખુન કરવું?

તને કયાંથી ખબર! કોણે કહ્યું?

બાઇ સાહેબ? હું તો તેની ખાસ વિશ્વાસુ છું પણ જો આ તેમને કહેતા નહી? નહીં તો મારૂ પણ વગર મોતે મોત થશે! જીવતી જઉં તો સારૂં ?

અરે ગમે તે થાય પણ હું તો કદી કહેનાર નથી પછી ભલેને હુ તેમની કરી છું તોપણ ન્યાય અને સત્યને ખાતર તમામ મહેનત કરીશ.

સુરેશ શેઠનું ખુન કરવાની વાત ગોઠવાઇ છે.

" કયારે ?

" કાલ રાત્રે તેને ત્યાં જઇને ખૂન કરવું ?

" ઓહ! જાણે તેનાપર વિજળી તુટી પડી હોય તેમ તે પડી.

આ સમાચાર જાણતાજ રાધા બેભાન થઇ પડી. તેને ભાન પણ ન્હયું પણ હાથની મુઠીઓ વળેલી હતી. દાંત કચડેલા હતા.

ચમ્પા ગભરાઇ તેણે ઉપચાર કરવા માડયા પાસે પડેલા પ્યાલામાં પાણી પડયું હતું તેમાથી અંજલી ભરીને તેના પર છાંટયું. અને સાડલાના પાલવ વતી તેણે પવન નાખવા માડયો આમ કરતાં કરતા છેવટ તે શુદ્ધિમાં આવી.

" બસ મારે કોઇ પણ રીતે તેને મદદ કરવી જોઇએ. નહિ તો નરાધમો જરી પણ ઇશ્વરનો ડર રાખે તેવા નથી ! મારે ! તેને આ બાબતની જાણ કરવીજ પડશે ! "

આમ કહી તેણે પછાડા મારવા માંડયા થોડીવારના અંતે તેણે કહ્યું. " ચમ્પા ! તું મારી બેન છું ! તું મને આવા સંયોગોમા મદદ ન કરે ? "

" શી રીતે કરૂં ? "

" કોઇ ન જાણે તેમ મને છુટી કર ! "

" અને કાકાજી જાણે તો "

" તો શું ? કહેજે કે નાશી ગઇ ! "

" ના--બા મારી નાંખે ! "

" બસ--હાય હવે ? શું થશે ? સુરેશ ' તારો જીવ જોખમમા છે "

આમ બોલી પાછી તે મુર્છીત થઇ હેઠળ પડી ગઇ, વળી પાછી ચંપાએ તેને ભાનમાં આણી.

" પણ ચમ્પા ? તે સુરતથી અહીં કયારે આવ્યા ? "

" સુરતમાં પણ તે ફસાયા હતા અને ત્યાંથી છુટી અહીં આવ્યા "

" ત્યા કોણે છોડાવ્યા ? "

" પોલીસોએ ! "

" એમ ? ત્યા નરાધમો ન ફાવ્યા એટલે અહીં આવ્યા ? "

" હા બાઇ સાહેબ ? "

" તો શું તું મને મદદ નહિ કરે ? "

" ના--બાઇ સાહેબ ! " તે બોલી વળી પાછી વિચાર કરી બોલી " એક સરતે કરૂં ? "

" શું જલદી બોલ ? "

" તમે ના કહો તો ? "

" અરે ! જારે ગાંડી હું તો કદી પણ કહું ખરૂં કે ? " રાધાએ તેને ધીરજ આપી.

આખરે બંન્ને કાંઇ નીર્ણય પર આવી. છુટા પડયા બીજે દિવસે ચમ્પા ખાવા આપવા આવી તે વખતે બગલમા ડબલ પોશાક લાવી હતી. તેણે તરતજ પોતાના લુગડા તેને આપ્યા. રાધા એને પુર ઝડપથી તે પહેરી લીધા અને બ્હાર નીકળી ગઇ. ચમ્પાએ પણ લુગડા બદલી દરવાનની ગેરહાજરીનો લાભ લઇ ચાલી નીકળી અને ધડકતે હૃદયે કેશવપ્રસાદની તહેનાતમા હાજર થઇ

" કેમ ? રાધા મઝામાં છે ને ? " કેશવપ્રસાદે પુછ્યુ.

" હા ! મઝામા છે ! "

" તો તમારે મળવા તો જવું જોઇએ ? " રામુએ કહયું અને તરતજ ચમ્માના પેટમાં તેલ રેડાયું.

" એમ ? "

" હા ! બીચારી ગમે તેટલી તો પણ તમારી તો પુત્ર ? " રામુએ કહયું

" હા પુત્રી તો ખરીજ ને એતો તેણે આપણા સામે માથુ ઉપાડયુ તેમાં ? નહિ તો આ બધું તેના માટેજ થાય છે ને ? "

" ઠીક, પણ આપણે તપાસ કરીએ ? તેને સમજાવીએ ? અને માને તો છુટી કરીએ ? "

" ચાલો ત્યારે ? "

આમ ચમ્પા, રામુ અને કેશવ ત્રણે જણા ત્યા ગયા ગયા પણ જઇને કોટડી તપાસી તો રાધા ન મળે !

" આ શું ભેદ ? એકાએક કેશવ બરાડી ઉઠયો.

" અને ! રાધા કયા ! " રામુ પણ સાથેજ બોલી ઉઠયો

" કેમ ! રાધા કયા ગઇ ? "

" મને શું ખબર નામવર હું ખાવા આપીને તરતજ પાછી આવી છું ? "

" એમ કે ! " તેણે કહયું " આને કેદ કરો ? " પાસેજ ઉભેલા માણસને તેણે આજ્ઞા આપી " અને તે ન માને તો ખીલા ઠોકીને માર મારો ! "

" જેવી આજ્ઞા ! "

તરતજ ચમ્પાને પકડી ચમ્પા પણ હીંમતથી ત્યા ગઇ.

તેને મારવા તૈયાર કરી ફટકાનો માર ખૂબ પડયો. બીચારી કોમળાંગી ચમ્પાના શરીરમાંથી લોહી છુટવા માડયું પણ તેણે કાંઈ જવાબ ન આપ્યો.

" સાહેબ ! તે માનતી નથી ! "

" તો લાવ હું મારૂં ? " અધુરામાં પુરૂં તેણે ચાબકો હાથમા લીધો અને મારવા મ.ડયો કહો–દેવના કોપ ? આવા નરાધમો પણ જગતમા વસે છે ત્ય. ? વરસાદ કયાથી આવે ?

આખરે તે મારી મારીને થાકયો. પણ રાધા કયા ગઈ તેનો પત્તો ન મળ્યો તે ન મળ્યો.

" ઠીક છે, રવીવારે તેને ખીલા ઠોકો ? અને ત્યા સુધી તેને મીઠાનું પાણી આપો ! " કેશવપ્રસાદે હુકમ કર્યો.

" પછી કાઇ ? બસ આટલુંજ ! નરાધમ પુરોકર તારા પાપનો ઘડો જલદી પુરો કર ! " ચમ્પાએ કહયું.

" બસ બંધ કર નીચ, જેનું ખાય છે તેનુંજ બુંડુ કરવા

તૈયાર થતા શરમ નથી આવતી ! " આમ કહી તેણે લાત મારી ચાલવા માંડયું.

આજે રવિવારનો દીવસ છે મીલોમા પણ રજા હતી. આ દિવસ નર પિશાચોને મઝાનો દીવસ હતો પ્રભુ સૂર્યનારાયણ પોતાનો રથ પુર ઝડપથી પૂર્વમા હંકારી લાવ્યા. આ વખતે કેશવપ્રસાદ પથારીમાથી ઉભો થયો અને હાથની તાળી વગાડી તરતજ એક સેવક ત્યા હાજર થયો. અને નમન કરી ઉભો રહ્યો.

ચહા ! તૈયાર છે કે ?

હાજી ! હુકમ હોય તો લાવું ?

જાવ-લાવ-અને રામુને પણ બોલાવજે :

જેવી આજ્ઞા ! સાથેજ નોકર ચાલતો થયો.

અને થોડીવારમાં રામુ ત્યાં હાજર થયો. કેમ જી સાહેબ ! સવરામાજ !

મને ગઈ રાત્રે ઉંઘ પણ આવી નથી ? ઓહ ? ભયંકર સ્વપ્નુ?

એવું તે શું ? રામુએ પુછ્યું. તરતજ ટેબલપર બે ચહાના કપ પડયા અને આવેલા નોકરને ચાલી જવાનું ફરમાન કર્યું નોકર ચાલતો થયો.

અહા ! રાધાએ ગજબ કર્યો ?

શું પણ ? આજ તો આપણે સુરેશને.........

હા ! દોસ્ત ! પણ આજ ચંપાને પણ ખીલા ઠોકવાના છે. હજુ સુધી વાર કેમ થઇ ? ચાલો આપણે જઇએ ? કેશવપ્રસાદે કહ્યું.

ચાલો સાહેબ ! રામુએ હાજી ભણી.

અને બંન્ને નરાધમો ચાલતા થયા, ત્રણ માણસ અને બંન્ને પેલા એમ મળીને પાંચે જણા છુપા ભોંયરામાં પ્રવેશ કરી ચુકયા,

અને જોતજોતામા ચમ્પાની ઓરડી આગળ આવી પહોંચ્યા બારણું ઉઘાડ્યું. આ વખતે ચમ્પા ઉંઘમાં હતી. તેનું તેજસ્વી વદન અત્યારે ફીક્કું પટી ગયું હતું છતા પણ હસવાનું તો ખસતુંજ ન હતું મીઠાના કોરડાના મારથી શરીર પરથી હાથ હાથ ચામડી ઉખડી પડી હતી. તે ઉપર માખો બણબણ કરતી હતી છતા પણ આજ તેની આખો-મા ઉંઘ ભરાઇ હતી.

"જો છે નરાધમને કાંઇ લાજ ! "ઉઠ ! કેશવપ્રસાદે જોરથી લાત મારીને કહ્યું.

"કોણ ? પાપી સવારના પહોરમા" ચંપાએ જાગૃત થતા કહ્યું અરે સવાર શાનું નવ વાગવા આવ્યા ? તારા રામને સ્મરી લે ! અગર તો રાધા કયા ગઇ છે તેનો પત્તો આપ અને જીવતદાન માગી લે ! કેશવપ્રસાદે કહ્યું.

હું જાણું છું છતા પણ નથી કહેવાની પ્રાતઃકાળમા જુઠુ બોલવું એ પાપ છે ! ચમ્પાએ કહ્યું.

તો મરવા તૈયાર થા ! રામુએ કહ્યું.

નરાધમ હું તૈયાર છું !

એમ કે ?

હા ! હા ! આ શરીર રાજાનું અગરતો શેઠનું હોય છે! નહિ કે આત્મા ! તેમ તું મારો શેઠ તો આ શરીર તારૂં છે ! તને પાલવે તે કર ! પણ આત્મા કાંઇ ત્હારો નથી !

" જાવ તેને પાર પાડી દયો ! " કેશવપ્રસાદે કહ્યું અને તરતજ ત્રણ યમ જેવા ઉઠયા. ચમ્પાને ઉપાડી અને એક ઓટલીપર લાવીને બેસાડી ખીલા ઠોકવાની શરૂઆત કરી ચમ્પા બરાડી ઉઠી ! ખરેખર

નરાધમો શું નથી કરતા ? અવશ્ય ! વાચક ! જો તેં આદ્રશ્ય નજરે નિહાળ્યું હોય તો તું કમ્પી ઉઠે ! ચમ્પાનું રડવું જોઇ કેશવપ્રસાદ ખડખડાટ હસ્યો અને ચમ્પાથી ન રહેવાયુ તરતજ બોલી ઉઠી—

હસી લે તું હસી લે તું ભરાવા પાપ તારાને
કરી લેતું કરી લેતું કસાઇમા ગણાવાને.
ભલે લોકો શ્રીમંત માને અને પૂજે બધા લોકો,
ભલાઇ નહી હશે તો એ, બધા મુકશે સહુ પોકો.

"નરાધમ હશો ! અને તમારા પાપના ઘડામા બાકી રહેલા પાપો ઉમેરી પુરો કરો ! યાદ રાખજો એક અબળાપર હાથ ઉપાડતા તમારા હાથ કપાઇ જશે ! નીચ ! નીચ ! તું તારા હાથેજ મરીશ ! અને સત્યનો સદા જય થશે ! આમ કહેતા કહેતામા તો રામશરણ થઇ ગઇ. અને તેનો મૃત દેહ જમીનપર ઢળી પડયો.

નાખી દયો ? ખાઇમા ? બીચારા પશુ પક્ષીઓ ખાઇ જશે ? કેશવપ્રસાદે હુકમ કર્યો.

સરદાર—હમણા નહિ ? હજુ વાર છે. કદાચ બીજાને આ હાલ બતાવીએ તો તે બી જાય અને આપણું કામ પાર પડે ! માટે હમણા તો રાખી મુકવોજ ઉચીત છે. રામુએ જણાવ્યું.

"બરાબર છે મારા વીરા તારી અગમચેતી ખરેખર કામ આવે તેવી છે ! કેશવપ્રસાદે તેની પીઠ થાબડી,

પણ જો આજ આપણે ધારેલું કાર્ય કરવાનું છે તેમા ફતેહ મળે તો પછી..........

પછી બેડો પાર કેમ ખરૂંને ? રામુએ કેશવપ્રસાદનું વાકય પુરૂં કરતા કહ્યું.

હા ! મિત્ર પછી આપણે અમેરીકા તરફ પ્રયાણ કરીએ કેશવપ્રસાદે કહ્યું

" જેવી પ્રભુની મરજી ! મારૂં ધારવું છે કે ! પ્રભુ આપણી બાજુએ છે ! "

" બરાબર, હું પણ તેમજ ધારૂંછું ! " કેશવપ્રસાદે કહ્યું.

અને બન્ને નરાધમો—ત્રણે જણા સાથે પાછા ફર્યા કેશવપ્રસાદ તેના રૂમમા જઇને બેઠો અને તાજુ આવેલું ન્યુસ વાચવા બેઠે ! રામુ તેના રાત્રીના કારસ્થાનની તૈયારી કરવા ચાલતો થયો.



## પ્રકરણ આઠમું

### પાપીની નિષ્ફળતા !

જ્યારે મનુષ્યો કાંઈકને, કિરતાર કાંઇ જુદું કરે !
પાપી ઇચ્છે વિજય તેતો ? જગદીશ, હા તેને હરે ?
કિરતારની ઈચ્છા બધે— અવની મહી વ્યાપી રહી.
તો પ્રાણી પામર શું કરે ? ઇચ્છા પ્રભુની જો નહી ?

રાધા ત્યાથી નાઠા બાદ તરતજ દેવેન્દ્રના ઘર તરફ પ્રયાણ કર્યા મઇ આ વખતે દેવેન્દ્ર અને તેની સ્ત્રી સુશીલા બંન્નેજણા દીવાનખાનામાં બેઠા બેઠા ચાલતા કેસની બાબતમા વાત કરતા હતા. ત્યા આગળ નોકરે આવીને કહ્યું કે એક બાઇ આપને મળવા માગે છે ?

" કોણ ? બાઇ ?"

" હા "

" જાવ ! લઇ આવ ?"

અને તરતજ રાધાને ત્યા હાજર કરવામા આવી. દેવેન્દ્રે રાધાનું નામ સાંભળ્યું હતું. તે ઉપરાંત તે જાણતો પણ હતો કે કેશવપ્રસાદની બાબતમા રાધા તમામ બીના જાણે છે ! પણ તેને ખબર ન હતી કે તે કોણ છે ?

" તમે મને મદદ કરશો ?"

" શી ? બાબતમાં ?"

" કોઈપણ બાબતમા ? વચન આપો તો પછી કહું ?

" પણ તે પહેલાં મને જણાવો કે તમે ઘર તો નથી ભૂલ્યાને?"

" ના—ના—દેવેન્દ્ર અમદાવાદના પ્રખ્યાત ડીટેકટીવ આપજને

" હા ! બાઇ હુ પોતે "

" ઠીક ? મારે તમને ખાનગી વાત કરવી છે ! આ બાઇને આપ બ્હાર જવાની રજા આપશો !"

" કહો મને કાઇ તેમનો વાંધો નથી છતા પણ જો તેમજ છે તો મને જણાવો કે આપ કઇ બાબતની વાત કરવા માગો છો? તો તેને રજા આપું ?" દેવેન્દ્રે કહ્યું.

" હું ? આપના હાલમા ચાલતા કેસ બાબતની ?"

તરતજ તેણે સુશીલા તરફ જવાની અને બારણા તરફ ફરી રહી સાભળવાની ઈશારત કરી ચકોર સુશીલા સમજી ગઇ અને તરત તો તે બ્હાર ગઇ.

" કહો શું કહેવા માગો છો ?"

" આજ તમો સુરેશને બચાવો ! રાત્રે તેનું ખૂન થવાનુ છે ?"

" હેં ! આશું કહો છો ?"

" સાવ. સાચું છે પછી આપની મરજી !"

" પણ આપનું નામ શું !"

" મારૂં નામ પછી કહીશ ! હાલ તો આ કામ ઝટ કરો ! અને આજ રાત્રે જો આપણે ત્યાં જઇશું તો ખુની, અગર પાપી પકડાશે !" તેણે કહ્યુ.

" પણ ! આમા કાંઇ દગો તો નથી ને ?" દેવેન્દ્રે પૂછયું.

" શું ? તમારા જેવા બાહોશ ડીટેકટીવ પણ આવા હશે ! મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો !"

" પણ ! જ્યા સુધી મને તમારી ઓળખાણ ન પડે ત્યાસુધી !

" મારી ઓળખાણ ? મારૂં નામ રાધા !" રાધાએ ચોકખુ જણાવ્યુ.......

" હું કોણ રાધા ? તમો તો પકડાયા હતા ને અરે તમને કોઇ ઉપાડી ગયુ હતું ને ?" દેવેન્દ્રે અજાયબ થતા કહ્યું.

" મને તો કોઇપણ ઉપાડી ગયું ન હતું ! એ બધો ભેદ છે ! પણ તે પછી કહીશ. પણ આજ રાત્રે બદમાશોનો છેલ્લો ઉપાય સુરેશ શેઠનું ખુન કરવાનો છે. સુરતથી તે છટકી આવ્યા પછી આ તેમનો ઇરાદો મારા જાણવામા આવ્યો છે ! માટે તમો આ બાબત તરતજ બંદોબસ્ત કરો ! હું પણ ત્યા જાઉં છું અને ચેતવણી આપુ છુ !" આમ કહી તે પુર ઝડપથી ચાલી ગઇ.

" અહા ! આશું ?" દેવેન્દ્રે હર્ષથી નિઃશ્વાસ નાખ્યો.

" નાથ ? હવે તમારી ફતેહ છે ? મને શુકન પણ સારા થાય છે ?" પ્રવેશ કરતાજ સુશીલા બોલી ઉઠી.

" ના–પણ આવા આવા રૂપો બદમાશ ધારણ કરી ત્યા બોલાવી અને સામા માણસનું પણ ખુન કરવાનો ઇરાદો રાખે છે ? માટે બહુ સાવચેતી રાખવી પડે છે ?" દેવેન્દ્રે કહ્યું.

" હા ? તે વાત હું કબુલ કરૂં છું ? પણ રાધા તો ખરેખર છોકરી છે ? તેણે બનાવવા ? વાત નથી કરી તે ખાત્રી રાખજો ?" સુશીલાએ કહ્યું.

" જો તેમ હોય તો આજેરાત્રે ખુની પકડાશે ! તરતજ મારે સુરેશને પણ ખબર આપવી પડશે "

" હા તો વરમના કામમા ઢીલ શા માટે ? અત્યારેજ પોલીસ પાર્ટીનો બંદોબસ્ત કરો " સુશીલાએ કહ્યું.

" પણ–અત્રેની પોલીસ પાર્ટી તો સુરત ગઇ છે ' " દેવેન્દ્રે કહ્યું.

" તો. આ કેમેરા લઇ જાવ અને જ્યાથી પ્રવેશદ્વાર હોય ત્યા મુકજો પગ મુકતાજ તેનો ફોટો પડી જશે અને તમો સુરેશને લઇ બીજે રવાના થઇને સવારે ત્યા તપાસ કરજો ફોટો મળી આવતા ને ફોટાના આધારે તમામ બીના પકડાશે પણ નાથ પઇસા માટે પાપીઓ શું કરે છે ! શુશીલાએ કહ્યુ

બરાબર છે પાપીઓ ન કરે તે ઓછું કેશવપ્રસાદને દશ રૂપીઆના પગારથી નોકર રાખ્યો અને તેજ મુનીમ બન્યો આખરે હરામખોર કેવો નીકળ્યો.

આમ કહી દેવેન્દ્ર તરતજ પોલીસ ચોકી તરફ ગયા અને ત્યા પોલીસ પાર્ટી માટે બંદોબસ્ત કરવા લાગ્યા. અને તે બરાબર રાત્રે નવ વાગે પોલીસે ગુપ્તવેશ ધારણ કરીને ત્યાં જવું અને ત્યા બરાબર જઇ ખુન કરવા આવનાર નરાધમોને પકડવા––

બરાબર રાત્રીના નવ વાગ્યા. દેવેન્દ્ર ગુપ્ત કેમેરા અને પોલીસના માણસોને ગુપ્ત વેશે લઇ સુરેશ શેઠના બંગલામા હાજર થયો પણ તે પહેલાજ રાધા ત્યા પહોચી હતી અને રાધાએ તમામ બીના તેને જણાવી હતી. ને દેવેન્દ્રને પણ આ ખબર આપી છે તેમ કહ્યુ હતું પણ તેણે તાકીદ આપી હતી કે આ વાત કોઇને પણ કહેવી નહી નરાધમે આપણા માણસો પણ ફોડેલા છે. માટે પાછલા રસ્તે દેવેન્દ્ર પણ આવશે.

એટલામાં સીસોટીનો અવાજ સંભળાયો અને રાધાએ તરતજ

બાગ તરફ નજર કરી તો દેવેન્દ્ર અને તેના સાથીઓ આવી પહોંચ્યા હતા, રાધાએ તરત દોરડું બાંધ્યું અને એક પછી એકને આવવા નીશાની કરી. જોત જોતામા સર્વ ત્યા હાજર થયા.

સવારના પહોરથી કેશવપ્રસાદના માણસો સુરેશ શેઠના બારણા આગળ ઉભા રહયા હતા. પણ તેઓ દેવેન્દ્ર અને તેના માણસોને જોઇ શકયા ન હતા. કારણકે તેઓ જાહેર રસ્તાપરથી આવ્યા ન હતા.

" તે કયા બારણેથી આવશે મુખ્ય દરવાજો કયાં છે ? " દેવેન્દ્રે સુરેશ અને રાધાને પૂછયું.

" કેમ શું કામ છે ? હમણા આપણે તમારે બ્હાર ન નીકળવું કારણકે તેના માણસો તમારી દેખરેખ રાખવા. અહીં હાજર છે ! "

" તો તમારો ખંડ કયો ? "

" ચાલો મારો ખંડ બતાવું ?" આમ કહી તેઓ સર્વ સુરેશના સુવાના રૂમ તરફ ગયા દેવેન્દ્રે ત્યા છુપો કેમેરો ઉભો કર્યો અને તરતજ જણાવ્યું કે પાપી જેવો ખૂન કરવા આવશે તેવો તે પકડાશે નહી તો તેનો ફોટો અવશ્ય પડી જશે ! "

" એમ ! ત્યારે તો ઘણુંજ સારૂં !" સુરેશે કહ્યુ.

" હા બરાબર છે ! પણ શેઠ તમો ત્યા ન રહેતા. તમો હમણા કોઇ બીજા રૂમનો આશ્રય લેજો ! અહીં મારા થોડાક માણસો રહેશે અને એક જણ તમારા પલંગમા સુઇ રહેશે !" દેવેન્દ્રે કહ્યું.

" ના. પણ એમ કરીએ તો !" રાધાએ કહ્યું.

" શું ? "

" સુઇ રહે પણ તેના બદલ ઓશીકા વીગેરે ગોઠવી દેવા. અને ઉપર ઓઢાડી દેવું તો કોઇનો જીવ પણ ન જાય ! ને છરી મારે તો ઓશીકામાં પેસે !"

"હા. ! બરાબર છે !" સુરેશે કહ્યું.

"વારૂ તેમ કરશું !"

પછી સર્વે વીખરાયા દેવેન્દ્રે નોકરને ચહા લાવવા હૂકમ કર્યો ! અને તરતજ ચહા આવી હાજર થઇ બધાને ઉજાગરો કરવાનો હોવાથી ચહા કડક હતી. ત્રણ ત્રણ કપ ચહા પીધી. અને સર્વ શાંતિથી વખતની રાહ જોવા લાગ્યા !"

"બરાબર ! બાર વાગ્યા !" હાથના કાડાપરનું ઘડીઆળ જોઇ દેવેન્દ્રે કહ્યુ.

"! હે હવે આવતા હશે ! પણ બહારની લાઇટ હોલવી કે કેમ ? તે જોવું પડશે !" આમ કહી તેણે તપાસ કરીતો લાઇટ બંધ હતી ? દેવેન્દ્રે સુરેશને જવાની રજા આપી. રાધાને પણ તાકીદથી બીજા રૂમમા ભરાઈ જવાની પરવાનગી આપી.

"પણ ! ત્રીજોરીના રૂમમા થોડાક માણસો રાખ્યા હોત તો કામ આવત !" રાધાએ સુચના આપી. અને તે અનુસાર ત્રણ માણસો ભરેલા તમંચા સાથે રાધાની સરદારી હેઠળ ત્રીજોરી રૂમમા ગયા, આ વખતે બહાર સીટીઓ સંભળાઇ.

"સાવધ !" દેવેન્દ્રે સર્વને હોંશીયાર કર્યા બારણું બંધ કર્યુ. અને બહાર તો ઉપરા ઉપરી સામસામી સીટીના અવાજો આવતા ગયા. જેમ અવાજો વધુ નજીકને નજીક આવતા ગયા. તેમ તેમ દેવેન્દ્ર અને બીજા બધા હોશીયાર થતા ગયા.

"જો રામુ—તું પહેલા જા કોટડીમા ભૈયો જાગે છે કે કેમ ? તે તપાસ કર ! ઉંઘતો હોય તો તેને બેભાનની દવા સુંઘાડી તું ઝાંપો ઉઘાડ ! અને પછી આપણે અંદર દાખલ થઇએ ?" આવેલી ટોળીમાંના એકે જણાવ્યું.

"જેવી આજ્ઞા ?" અને તરત, રામુ અંદર દાખલ થયો ઝાપાવાળો ભૈયો તો થંડીમા કામળ અને ગોદડુ ઓઢીને સુઇ રહયો. હતો રામુએ તેને બે ભાનની દવા સુંઘાડી અને કુંચીઓ લઇ તેણે ઝાપો ઉઘાડયો અને સર્વ અંદર દાખલ થયા.

દેવેન્દ્ર જાણી ગયો કે બધા દાખલ થઇ ચુકયા છે, તેથી તર-તજ અંદરનું લાઇટ પણ બળતું હોલવી નાંખ્યું.

"જો કોઇને ખબર તો નથી ને ?"

"ના. જી કોઇને પણ ખબર નથી. હું અને મારા માણસો આખો દિવસ અહીં ઉભા રહયા હતા. તેમ કોઇ પણ અંદર ગયું યે નથી. અને બહાર નીકળ્યું પણ નથી ?"

"ત્યારે તો પાસા પોબાર ?" તેવામા ઉપરથી સીટી વાગી "ચાલો બધા ?"

હૂકમ થતા બધા ઉપર આવ્યા. દેવેન્દ્રે પણ તરતજ સંજ્ઞામા સાવધ રહેવાની સુચના આપી.

"બોલ. શું કરશું ? રામુ ?"

"મને શું ખબર ?" રામુએ કહ્યું.

"ના. પણ પહેલા ત્રીજોરી તરફ કે ખૂન ?" પેલાએ પૂછયું

"શા માટે ત્રજોરી તરફ પહેલા ? પ્રથમ ખૂનજ કરોને પછી બધો માલ આપણાજ હાથમાં આવશેને ?" રામુએ સૂચના આપી.

"ચાલ ત્યારે તેમ ? મજ્જુ ઠીક તમો બધા અહીં ઉભા રહો ? હું જઇ આવું ?"

આમ કરી તેણે બારણું ખોલ્યું અને કમરમાથી કટાર કહાડીને દોડયો. ત્યા અવાજ થયો. દેવેન્દ્ર સમજી ગયો. પણ નરાધમ તો ત્યાજ ઉભો રહયો અને વિચાર કરવા લાગ્યો " આશું ? અવાજ શાનો ?"

તરતજ બહારથી બૂમ આવી " સરદાર–જલદી ?"

આ વખતે રાત્રીના ચાર વાગ્યાનો અમલ થયો હતો. રોણ વાળા સિપાઇઓ શહેરમા રોણ મારી રહયા હતા જાગતા રહેજો એ ઘરવાલા દીવા કયુ બળતા હૈ !" આવા પ્રશ્ના પુછતા સિપાઇઓ ફરવા નીકળ્યા હતા તરતજ ત્યા કાંઇ અવાજ થયો અને ખુણામાથી એક સીપાઇ બહાર નીકળી ને બ્હાર ક્યાં ધડા ધડ ઉપરા ઉપરી અવાજ થયા પણ નરાધમ ત્યાંથી પલાયન !

" નાસ–ભોગ મળ્યા ! દગો ! જરૂર એ હરામ ખોર છોકરીના કારસ્થાન ! દોડતા દોડતા તેણે બુમ મારી.

કયા ? ત્રીજોરી રૂમમા ! અને કહેતામા તો બધા ધડાધડ ત્રીજોરી રૂમમાં દાખલ થયા સરદાર બહાર ઉભો રહયો. રામુએ ત્રીજોરી ઉપર લાઇટ નાખ્યું અને કુચી વતી ઉઘાડી દાગીના કહાડી તેણે પોટલી વાળી પણ તરતજ રાધાએ તેને બેભાન કરી દીધો રામુ ત્યા પડયો

" અલ્યા ! એ કેટલી વાર ?" બહારથી બુમ આવી '

" પણ ! લેવાય ત્યારેને !" અંદરથી જવાબ મળ્યો

" દગો...દગો...નાસો !" અંદરના અવાજ પરથી બ્હારના સીપાઇઓ નાસતા નાસતા બરાડી ગયા

" એ કયા ગડબડહૈ !" રોણુવાળો પણ આ અવાજ સાભળી ત્યા આવ્યો પણ ત્યા આગળ બદમાશો અંદર ગયેલા તે વખતે ઝાપો વાસવો ભુલી ગયા હતા ના ભુલી નહોતા ગયા પણ પાછા વળતી વખતે પકડાઇ જવાય તો ? ઉઘાડો ઝાંપો કામ આવે પણ તેમની તે ઇચ્છા બળ નહોતી આવવાની !

મનુષ્યો ધારે છે શું ? ને ઇશ્વર કરે છે શું ? ખરેખર ! દયાળુ

તારી લીલા અપાર છે તારા ગુણ ગાતા ગાતા ભવના ભવ જાય તો પણ તને મેળવી શકવો મુશ્કેલ છે

આમ ઝાંપો ઉઘાડો જોઇ તે અંદર ગયો ભૈયો પણ બે ભાન થઇ નીચે પડયો હતો તેવામાં સામે માણસનું ટોળુ જોયું સિપાઇ વહેમાયો જરૂર ચોર અગર બદમાશો હશે ! કોણ છે ? આ બાબતની પુર્ણ તપાસ કરવા તે આગળ આવનારને રોકી પુછવા લાગ્યો.

"તમે કોણ છો ?"

"તારે શું પંચાત–આઘો ખસ નહિતો મરણ પામીશ !"

"કોણ–કેશવ પ્રસાદ આવા ધંધા !

"ઓ બાપરે ?" આમ કરતા તે સીપાઇ હેઠળ પડયો. હાય શું પૈસાદારો આવા નીકળે છે ! શું જણાતા બગલા નથી પણ કાગડા છે અરે ! પણ બગલાનું ધ્યાન સફેદ હોવા છતાં પવિત્ર નદીમા ઉભો રહેવા છતાં પણ તે માછલાજ પકડે છે ! હાય દૈવ ! આ શું ?" આમ કરતા કરતાં તે પોલીસ હેઠળ પડયો ને બબડવા લાગ્યો બદમાશો નાસી ગયા તેની બુમ સાભળી દેવેન્દ્ર આવી પહોચ્યો આ વખતે સવારના છ વાગ્યા હતા.

દેવેન્દ્રે તેને ધીરજ આપી અને તે કોણ હતું તે પૂછયું ?

"તે...આપણા...શહેરનો...મેંગર શેઠ કેશવ પ્રસાદ..." ભાગ્યા તુટયા અવાજે તેણે કહયું તેવામાં સરકારી અમલદારને ટેલીફોનથી બોલાવ્યા અને ડોકટર પણ આવી પહોચ્યા ડોકટરે તપાસ કરી કહયું કે તેને ઝેરી છરીથી મારવામાં આવ્યો છે તેણે મરતાં મરતાં એ કરાર આ પ્રમાણે કર્યો–

"હું રાતના રોણ ફરીને ઘર તરફ જતો હતો તેવામાં સ્વ. શેઠ ચીમનલાલના બંગલામાં માણસો ધમાલ કરતા હતા ઝાંપો ઉઘાડો જોઇ હું તપાસ કરવા આવ્યો તો સામે મને કેટલાક બદમાશો નાસતા જણાયા તેમાના એકને મેં પૂછ્યું પણ તેને મને ધમકી આપી હું તેનો અવાજ ઓળખી ગયો તે આપણા શહેરનો શેઠ કેશવ પ્રસાદ હતો તેણે મને પોતાની પાસેની છરી મારી અને મારૂં ખૂન કર્યું મારા પુત્રનું રક્ષણ કરજો

હા...હું જઇશ...ઓ...આ...પ......રે...રા...મ આમ કરતો મરણ પામ્યો.

છેવટે બધા ઘરમાં તપાસ કરવા ગયા તો ત્રીજોરી રૂમમાંથી રાધા નીકળી તેણે બેભાન કરેલો માણસ હાજર કર્યો અજવાળામાં તેનું મ્હોંજોઇને તરતજ રાધા બોલી ઉઠી "કોણ ? રામુ ?"

"હા ! બાઇ હું ! નરાધમ અને નીચ !"

"સારૂં જાવ આને હમણાં પોલીસ પહેરા હેઠળ રાખો !"

"હા ! પણ ચમ્પાનું શું થયું ?" અધીરાઇથી તેણે પુછયું

"તેનું મોત......

હા, મને ખાત્રી હતી કે નરાધમ તેણીને મારી નાંખશે !"

પોલીસો રામુને તરતજ પોલીસ ચોકી પર લઇ ગયા ત્રીજોરી આમ બચી ગઈ તેથી ઘણો આનંદ થયો હવે ખૂન કરવા આવનાર કોણ તે માટે તેઓ રાતના જ્યા ધમાલ હતી ત્યાં ગયાતો કેમેરામાં કેશવપ્રસાદનો ફોટો નજર પડયો.

વિકરાળ આંખ્યો હાથમાં ખંજર અને કુદરતી ફેરો જોઇ રાધાનું હૃદય ગમે તેવું તો પણ કાકાના હેતથી ભરાઇ આવ્યું ! " હા ! કાકા ! તમને આ શું સુઝ્યું ! અને તેય કોના માટે ! " આમ કહેતી રાધા હેઠળ ઢળી પડી. સર્વ પોલીસ અમલદારો અને દેવેન્દ્ર પણ પોતાનો વિજય માની આનંદ થયા સરકારી તપાસ પરથી એમ જાહેર થયું કે કેશવપ્રસાદજ ખૂન અને કાવત્રાબાજ છે.

કેશવપ્રસાદ આમ હતાશ થઇને તે તેની ટુકડી સહ ઘરમાં આવી પહોંચ્યો. તપાસ કરતાં ખબર પડી કે રામુ કેદ પકડાયો છે. " હાય દૈવ હવે શું થશે ? " જો ખબર પડી તો વગર મોતે ફાંસી ! કાંઇ નહિ તેનાજ માથે આવશે ! મને કોણ જાણે છે ! " જોયા નરાધમના વિચાર.



## પ્રકરણ નવમું.

### રંભાનું મરણ !

ડીટેકટીવ દેવેન્દ્રે પુરી તપાસ કીધા બાદ કોરટમા હાજર થયો અને કેશવપ્રસાદ સામે ખૂન કરવા બાબત અને ખૂનની કોશીષ બાબત તેમજ માણસોને મારી નાંખવા બાબત તેને પકડાવા અને તેની સામે કામ ચલાવવા દેવેન્દ્રે વોરંટ કહાડવા અરજી કરી.

જજે તેને પૂછ્યું કે. " ચીમનલાલનું ખૂન કોણે કર્યું ?"

દેવેન્દ્ર—કેશવપ્રસાદે !

જજ—શી રીતે ! પુરાવામાં કાંઇ !

દેવેન્દ્ર—જે છરીથી તેનું ખૂન કર્યું હતું. તેજ છરી મને મારવા માટે ડબામાથી મળી આવી હતી. વળી તેવીજ બીજી છરીથી તેણે આપણા પોલીસનું પણ ખૂન કર્યું છે.

જજ— તેનું મરણ વખતનું સ્ટેટમેન્ટ ?

દેવેન્દ્ર—હા, જે તેણે આ પ્રમાણે લખાવ્યું છે. " આમ કહી તેણે તે સ્ટેટમેન્ટ વાંચવા માડયુ.

" હું રાતના રોણ કરીને ઘર તરફ જતો હતો તેવામાં સ્વ. શેઠ ચીમનલાલના બંગલામા માણસો ધમાલ કરતાં હતાં, ઝાપો ઉઘાડો

જોઇ હું તપાસ કરવા આવ્યો તો સામે મને કેટલાક બદમાશો નાસતાં જણાયા. તેમાંના એકને મેં પૂછયું પણ મને ધમકી આપી હું તેનો અવીંજ ઓળખી ગયો તે આપણા શહેરનો શેઠ કેશવપ્રસાદ હતો તેણે મને પોતાની પાસેની છરી મારી અને મારૂં ખૂન કર્યું"

"વધુ પુરાવા તરીકે હું તેનો ફોટો રજુ કરૂં છું" આમ કહી તેણે કેશવપ્રસાદનો ફોટો રજુ કર્યો,

"યાદ રાખજો મી. દેવેન્દ્ર કે શેઠ ગણાતા પર વોરંટ લઇ જવું તે પહેલા ખૂબ વિચાર કરવાનો છે. લોકોમાં તે હાસીને પાત્ર થાય છે!"

"પણ તે સાબીત ઠરે તો?"

"તો તમારી બહાદુરીના વખાણ થશે!"

"પણ મારી પાસે મુદ્દા ઘણા છે! વળી તેણે જે શેઠને ત્યાં મોટી ચોરી થવાની જણાવી છે તે પણ ખોટું છે! તે પૈસા પણ તેણે ઉચાપક કર્યા છે! અને તેની પુત્રી રાધાને ગુમ કરી તેણે જણાવ્યું કે મારી પુત્રી પણ ગુમ થઇ છે તે વાત પણ ખોટી છે. લગભગ પાત્રીસ લાખની ચોરી કરી. તેણે સુરેશ સેઠનો વિશ્વાસઘાત કર્યો છે! માટે મારી અરજ છે કે તેની પર વોરંટ કહાડવું જો તેમ કરવામા વાર થશે તો તે પલાયન થઇ જશે? અને તેનો પત્તો મેળવવો મુસ્કેલ થશે!" દેવેન્દ્રે લંબાણથી વિવેચન કરતા વોરંટ કહાડવાની બાબત પર તેણે ભાર મૂકયો.

કોર્ટે તેને વોરંટ કહાડી આપ્યું અને દેવેન્દ્ર બીજાદ સાથે બજાવવા ચાલ્યો.

કેશવપ્રસાદ અને તેની ટોળી. આમ નિષ્ફળતા મેળવવાથી તદન નીરાશામાં આવી પડી હતી. પણ તેવામાં અહમદખાંન સુરતથી આવી

પહોચ્યો બદમાશને જરા શાંતિ વળી. પણ પછી કોઇનો પણ અવાજ થાય તો તે ભડકે! કોણ? બૂમ મારે કોઇ જવાબ ન આપે એટલે વળી પાછો શાંત બેસે કારણકે પાપીઓના હૃદય હંમેશા ભડકતાં હોય! એ જગતનો નિયમ છે!

"અહમદખાંન! અજબ ઘટના બની!"

"શું?"

"જાહેર થઇ ચુક્યું?"

"શું તે તો કહો!"

"ખુન...

"હેં કોણે કર્યું?"

"દેવેન્દ્રે!"

"ઠીક! ગમે તે થયું હોય પણ મારો તો વિચાર છે કે આજ દેવેન્દ્રનુંજ ખુન કરો!"

"હા! તે બાબત ખરી કહી! પણ તારે તે કામમાં...

"જરૂર ખુદાવીંદ! તમને હું ના પાડુ? મારા સરદાર?" પઠાણે કહ્યું.

"ઠીક ત્યારે આજ રાત્રે! પણ રામુ કેદ પકડાયો છે! તે કહેશે તો!"

"અરે! જાવ મારા સરદાર રામુ તે કદી પણ કહે ખરો કે?"

"એમ! તને ખાત્રી છે ના!"

"તો તમને નથી?" પઠાણે પુછયું

"ના. મને છે તો ખરી છતાં પણ?"

"ચોક્કસ માનજો! નામદાર કે જીવ જતાં પણ આપણી ટોળીમાંનો કોઇ પણ કોઇ બાબત નહીં કહે?"

" ઠીક ! પઠાણ તું આવ્યો તો મને ધીરજ રહી. ! "

" તો આજ આપણે આ કામ પુરૂ કરીએ ! એટલે પછી શું થનાર છે ! "

" તો તૈયારી કરો ! "

" બધી તૈયારી સંપુર્ણ છે ! " પઠાણે કહ્યું.

નરાધમો છેવટે આ બાબતે ઉપર આવ્યા. પણ પ્રભુ તેમની આવી અધર્મની બાજી કોઇ પણ રીતે જીતવા દેનાર નથી તે તેઓ ક્યાં ભૂલી જાય છે ! તેમને ક્યાથી ખબર કે આજ મારા માટે વોરંટપણ છુટી નીકળ્યું છે. પણ તેઓ હજુ વધુને વધુ નવાજ કારસ્થાન કર્યા જાય છે !

" પણ ! જા-તો રંભાને લાવ ! "

" જેવો હુકમ ! " પઠાણ તરતજ રંભાને લેવા ગયો રંભાને તે થોડીકજ વારમાં તેની સનમુખ હાજરી કરી ઉભોરહયો.

" રંભા ! હવે છેવટ છે ! તારૂં પાપ પ્રકાશમા આવશે ! તે બે આબરૂ બનીશ ! તેના કરતા તું આ કાર્ય કર ! અને ચાલ આપણે અમેરીકા જતા રહીએ ત્યા મોજ મારશુ ? " કેશવપ્રસાદે તેની ઇચ્છા પ્રગટ કરી.

" ચુપ કર ! નરાધમ-! પાપી. પિશાચ-! તને બોલતા પણ શરમ નથી આવતી ! ભલે મારી બે આબરૂ થાય ! પાપનું પ્રાયશ્ચિત કરવાથી પાવન થવાય છે ! એમ શાસ્ત્રો કહે છે ! પણ તારા જેવા ચંડાળ સાથે હું કદી પણ આવનાર નથી ! બસ—હવે કહેનાર હતો તે કહી રહયો " રંભાએ ગુસ્સાથી કહયું.

" ખરેખર—તું નહિજ માને ? છેવટે મારા હાથેજ તારૂં મોત થશે ? " નરપિશાચે રંભાનું ખુન કરવાની ધમકી આપી.

" એજકે બીજું ? ઓહ તેમાં શું ? મરવું છે તો એક વખતે તેમાં મને કાંઇ પણ વાધો નથી લે અત્યારેજ * * *

" કેશવપ્રસાદ શેઠ છે કે ? "

" કોણ ? "

" પોલીસ "

" ઓ બાપ શામાટે ? મારે ત્યાં ? " નરાધમ ખુની બરાડી ઉઠયો.

" ગઇ રાતના ચીમનલાલને ત્યાં નીચ દાનતથી આવવા બદલ તેમજ પોલીસનું ખુન કરવા બદલ ! " દેવેન્દ્રે કહયું.

" કોણે કહયું ? તમે મને ઓળખો છો ! "

" હા ! શયતાન—તું બગલાના રૂપમા રહેલો કાગડો છું ! " દેવેન્દ્રે કહયું.

" હા ! ખરી વાત છે ! " રંભાએ શાક્ષી પુરતા કહયું.

" કોણ રંભા શેઠાણી ? " દેવેન્દરે કહયું.

" કોણ ? મારી માતુશ્રી ? " સુરેશે પૂછયું.

" હા ! તારી અભાગીની માતા ! " રડતા રડતા તેણે કહયું.

" માતા—આખરે સત્યાનો જય થયો ! રાધાએ બધુ પોગળ ખુલ્લુ કર્યું !" સુરેશે કહ્યું "અને જો ગઇ રાતે રાધાએ ખબર ન આપી હત તો આજ હું જીવતો ન હત ! "

" બેટા ! પ્રભુ તારૂ રક્ષણ કરજો ! " રંભાએ કહયું.

" માતા ! હવે કાંઇ ડર નથી ? "

પણ ધડાક અવાજ થયો રંભા હેઠળ પડી અને તરફડીઆ મારવા લાગી. દેવેન્દ્ર તરતજ મામલો કળી ગયો કેશવપ્રસાદ પાસેથી તમંચો છીનવી લીધો. તેણેજ રંભાનું ખુન કર્યું હતું !

દેવેન્દ્રભાઇ ! મારી મરતી વખતની જુબાની લઇ લ્યો ! ” તરફડીઆ મારતા મારતા તેણે કહયું. સુરેશ ત્યાં હેઠળ બેસીને રોવા લાગ્યો ને ગુસ્સાના આવેશ તે કેશવપ્રસાદને મારવા ઉભો થયો પણ દેવેન્દ્રે તેને અટકાવ્યો.

રંભાએ મરતા મરતા નીચે પ્રમાણે પોતાનું સ્ટેટ મેન્ટ લખાવ્યું અને તે પર સહી કરી આપી.

“ મારા લગ્ન થયા પહેલા કેશવપ્રસાદ સાથે મારે અ ગેવ્યવહાર હતો ! મારા માતા પિતાનાં મરણ બાદ મને તેણે તે સરત કરી કે જો મને ચીમનલાલ સાથે પરણાવે તો હું તેની સાથે ચીમનલાલનું ખુન કરી તેની સાથે તમામ મીલકત લઇને અમેરીકા નાસી જવું આ સરત મેં કબુલ કરી અને ચીમનલાલ સાથે મને પરણાવી પણ તે પહેલા તે નરાધમને હું પાપીણી મારૂં શીયળ વેચી ચુકી હતી. તેનાથી મને પુત્રી પાકી હતી તેનું પણ તેણે ખુન કર્યું

“ ચીમનલાલ સાથે મને પરણાવ્યા બાદ મને વર્ષ પછી તેમનાથી પુત્ર ઉતપન્ન થયો તે સુરેશ ! ત્યારબાદ કેટલોક વખત હું તેની સાથે સહમત રહી પણ પુત્રનું ખૂન કરવાનું મને કહેવામા આવ્યું આવું નરાધમ કાર્ય મારાથી ન થયું મેં ના પાડી મને તેણે રીબાવી ચીમનલાલ મારા પતિનું ખૂન તેણેજ કર્યું હતું. અને તે તેના મકાનમા તીક્ષણ છરી હતી તે પરથી તે છરી આજ હું તમને બતાવું છું ! તે છરી મારા સંચમાં ત્રીજા ખાનામા પડી છે ! ને લઇ તપાસ કરજો કોર્ટ સનમુખ આ પાપીને તમો ખડો કરજો ! તેને છુટો મુકશો નહી ! ”

આટલું બોલતા બોલતાં તે ગભરાઇ વળી પાછી બોલી—

“ એ નરાધમ.........પારકી સ્ત્રીઓનું શીયળ વેચવા માટે, ભ્રષ્ટ


કરવા માટે પ્રભુ તને કેમ જતો કરે ? હા...હા..........હું.........જા.........ઉંઘુ.........બેટા !.........પ્રભુ તને સુખરૂપે રાખે. પણ.........રાધા.........ને ભૂલી જઇશ.........નહિ......તેનું તું રક્ષણ.........ક.........રજે......... ને તે.........ને.........તારા અનાથ.........જે......"

આટલું બોલતાં બોલતાં તેનો પ્રાણ દેહ છોડી ચાલ્યો ગયો

" ચાલો આપણુ ઠીક થયું ? રંભાશેઠાણીની આબરૂ બચી. અને પાપીનુ પાપ જાહેર થયુ ! " દેવેન્દ્રે કહ્યું

" એ મારી માતાને પણ......" બોલતા બોલતા સુરેશ ગુસ્સાના આવેશમા કેશવપ્રસાદ પાસે ગયો પણ દેવેન્દ્રે તેને તેમ કરતા અટકાવી દીધો

નરાધમ કેશવપ્રસાદ અને તેની ટુકડી પકડાઇ ગઇ. દેવેન્દ્રે તેને જેલ ભેગો કરી દીધો. સવારે તેનો મુકર્દમો ચાલવાનો હતો. આજના પેપરમાં આ બીના પ્રગટ થઇ ચુકી. સવારે કોર્ટ ચીકાર થશે આપણે પણ સવારે ત્યા જવાનું હોવાથી હવે વ્હેલા સૂઇ જઇએ !



## પ્રકરણ દશમુ

### પાપીને સજા !

આજ સવારના દશ વાગ્યાથી કોર્ટ ચીકાર ભરાઇ ગઇ હતી અમદાવાદના લોકો આજના મશુહ્રર નગરશેઠ શ્રી કેશવ પ્રસાદનો મુકર્દમો સાભળવા તલપાપડ થઇ રહયા હતા.

બરાબર અગીયાર વાગ્યા કોર્ટ ઉઘડી ફરીયાદી પક્ષના વકીલ પણ હાજર થયા પણ અજબ થવા જેવું તો એ હતું કે બચાવ પક્ષનો કોઇ પણ વકીલ ન હતો છેવટે કોર્ટે શરકારી વકીલ રાખ્યો સાડી અગીયારવાગે કેસ શરૂથયો ફરીયાદીએ તમામ ફરીઆદો રજુ કરી

બચાવ પક્ષના વકીલે તમામ દલીલો આપવા માંડી કેસવપ્રસાદ નીચી મુડીએ પાંજરામાં ઉભો રહયો હતો બધા વાતો કરતા હતા કે જોયો નરાધમ બદમાશ ! શ્રીમતલાલનો વિશ્વાસુ મુનીમ !"

કેશવપ્રસાદ આ સાંભળતો હતો પણ શું કરે ? આજ તેના પાપનો ધડો ભરાઇ ચુકયો હતો.

"આપ જોઇ શકશો કે રંભાએ જે છરી બતાવી હતી તે છરી તીક્ષણ અને ઝેરી હોવી જોઇએ ! તેનીજ જોડ જયારે હું સુરતથી અમદાવાદ આવતો હતો ત્યારે આ છરી મને મારવા માટે એક માણસ ચાલતી ગાડીએ ઉપયોગ કરવા મ ગતો હતો......

"અ ર ર ર આવો નરાધમ!" લોકોમાંથી અવાજ આવ્યો......
પણ મેં મારી ચાલાકીથી કહો-કે પ્રભુની મહેરબાનીથી પણ તે છરી મેળવી અને કોર્ટ સમક્ષ રજુ કરી છે "

"કેમ ? આ દેવેન્દ્રનું ખૂન કરવા કોશેષ કરેલી કે ?" જજે પૂછયું

"મરતા મરતા હવે મારે સાચુજ જણાવવું જોઇએ કે તે ખુન મેં નહિ પણ મારાજ કહેવાથી મારા સાથીદાર રામુએ કરવાની હામ બીડી હતી પણ હાથ પકડતાં છરી ત્યા પડી ગઇ અને તે નાસી છુટયો"

"શું ચાલતી ગડીએ ?" અજાયબ થતા જજે પૂછયુ.

"હા ! ચાલતી ગાડીએ–" તેણે જવાબ આપ્યો

"પછી શું થયું ?"

"પછી અમદાવાદ સ્ટેશને રામુએ સન્યાશીનો વેષ લઇને તેની તપાસ કરવા માંડી પણ દેવેન્દ્ર તેની પાછળ પડયા તેથી તે છરી ત્યાં રહી ગઇ મને ખબર ન હતી કે તેના પર નામ હશે પણ જ્યારે મને તેમણે પૂછયું ત્યારે મેં જવાબ આપેલોકે તે છરી મારે ત્યાંથી ખોવાઇગઇ છે ?"

"વારૂ ? બીજો આરોપ તમારા શેઠને ત્યાં થએલી ચોરીનો છે ? તે બાબતમાં તમો શું કહેવા માંગો છો !" જજે પૂછયું.

"તે ચોરી મારી શીખવણીથી હું જ્યારે સુરત ગયો ત્યારે કહેતો ગયો હતો અને રાધા જે મારી ભત્રીજી છે તેને મોકલાવી ત્યારે પણ મેં તે બાબત સુચના આપેલી તે વખતે હું સવારના સુરતથી રામુની સાથે આવ્યો સુરતમા બાકીનું કામ મેં મારા પઠાણને કરવા આપેલુ ! ત્યારબાદ મેં તે બાબતની વાત પોલીસ ચોકીપર જાહેર કરી પણ મારી ભત્રીજીએ એ વાત ખુલ્લી પાડી !"

"ઠીક તો દરવાન ભૈયાનું ખુન કોણે કરેલું ?"

"મારી શીખવણીથી મારા માણસો સૂર્ય અને માધુએ !"

"તો મરતી વખતના સીપાઇની જુબાનીમા તારે કાંઈ કહેવાનું છે? "જજે પૂછયું ના—બધું મારે કબુલ છે! મેંજ તે બધું કર્યું હતું અને તે છેલ્લી બાજી હતી પણ તેમા નાસીપાસ થવાથી દેવેન્દ્રનું ખુન કરવા તૈયાર થયો હતો ત્યા તો આ દશા ?" કેશવપ્રસાદે કહયું.

"ને રંભાની જુબાનીપર ?"

"હા તેને પણ મેંજ બગાડી? મેં તેનું શીયળ લુટયું!" "હા પ્રભુ મને કેમ છોડશે ?" યમના દુતો મને સતાવી રહ્યા છે! મારી સનમુખ આવી તે હસી રહયા છે!"

છેવટે આ કેસપર વિચાર કરવા જયુરી ઉઠી અડધા કલાક પછી જયુરીએ વધુમતે તેને ખુની તરીકે જાહેર કર્યો

"હું પણ તમારી સાથે સહમત થાઉ છું, અને તેને ફાંસીની સજા કરૂં છું!" ફાસી શબ્દ સાંભળતાં પહેલા તે તરતજ હેઠળ પડયો તેણે પોતાની પાસે રાખેલી નાની છરી તેના પેટમાં મારીને તરફડીયાં મારવા લાગ્યો.

મરતી વખતે તેણે જુબાનીમાં નોધાવ્યું કે "મારી પુત્રી રાધાને શુરેસ શેઠ સાથે પરણાવજો—"

"સુરેસ શેઠ તમો મને માફી આપો! તો કીરતાર મને દયા કરે! હું જાણું છું કે દુન્યવી માફીથી મને કીરતાર છોડે તેમ નથી. પણ તોય હૃદયને આશ્વાસન મળશે!"

"રામુ ને તમો સજા ન કરશો તે નિર્દોષ છે! પણ પઠાણને સજા કરજો કેટલીક બીના તો તેણેજ કરી છે!" મરતા મરતા તેણે કહ્યું અને તરતજ તે મરણ પામ્યો.

## પ્રકરણ અગીયારમું.

### ઉપસંહાર.

આમ સુરેશ શેઠપરથી દુઃખના વાદળ વિખરાયા. સુરેશ તેની માતાના મરણથી શોકમય રહેતો. પણ તેની માતાની આજ્ઞા અનુસાર તેણે રાધા સાથે લગ્ન કર્યું.

રાધાએ જે તનતોડ મહેનત કરી આ વાર્તાને વધુને વધુ દીપાવી છે. તે બદલ તેનો પણ આભાર માનવો જોઇએ. તેણે સુરેશને સુરતમાં જોયો ત્યારથી તેને ભાવિ પતિ તરીકે ગણ્યો હતો અને વચ્ચે વચ્ચે તેના મુખમાંથી જે વ્હાલા શબ્દ બોલાવામા આવ્યો છે તે પણ તેજ કારણે !

અને શહેરના પ્રખ્યાત ડીટેકટીવ દેવેન્દ્રે પણ આ કેસનો *ઘણીજ હોંશીયારીથી, સાવચેતીથી, અંત આણ્યો અને પોતાની ઝળ*કતી કીર્તિમાં ઓર વધારો કર્યો.

આખી આ કલ્પિત વાર્તા વાચ્યા પછી માણસોને એ શીખવાનું મળે છે કે પૈસાને માટે મનુષ્યો શું શું કરે છે ને કેવા નીચ કર્મ કરતા પણ અચકતાં નથી !

વળી પઠાણો કે જે આપણા દેશમાં વેપાર હુન્નર અર્થે અગર તો પેટીયું મેળવવા માટે આવે છે તે પણ કેવા નીચ કાવત્રા કરે

છે ! તેનો આખરે શું અંજામ આવે છે તે આ ઉપરથી વાચક ગણ જોઈ શકશે અને તેથીજ કેશવપ્રસાદે “ પઠાણુને સજા કરજો ” આમ કહયું હતું આટલા કાળા કર્મોમાં જે કેશવપ્રસાદ પ્રવૃત થયો હોય તો તે પઠાણુનજ કારસ્થાનને આભારી છે. પણ એક પછી એક એમ તેમા નાસીપાસજ થતો ગયો

દેવેન્દ્રનું ખુન કરવા સુરતમાં પણ તેણેજ પ્રયાસ કર્યો હતો પણ પ્રભુ સીધો ઉતર્યો “ જેને રામ રાખે તેને કોણ ચાખે ! ” તે ન્યાયે તે સાધનજ ભૂલી ગયો.

ભીખારી થઈને રસ્તા પર પડી તેણેજ સુરેશને પકડયો હતો અને રાધાને અમદાવાદ મોકલાવનાર પણ તેજ !

વાંચક ! આખરે ! આ તમામની અધોગતી થઈ ! અને રાધા સુરેશનું જોડું આનંદ મ્હાણવા લાગ્યું આ આનંદમા આપને પધારવાનું પણ આમંત્રણ છે ! આપ તો આવશોજને !

ૐ શાંતિ શાંતિ શાંતિ.

સમાપ્ત.

# પ્રભુને !

દીનાનાથ ?

ત્હારો તો શો આભાર માનુ ? મારૂ આખું જીવન તારે ચરણે ધરૂં તોય ઓછું છે !

ખરેખર કૃપાળુ ! તેંજ મારી-મનોવાંચ્છના પુરી કરી ! જો ને-દયાળુ ! આ વાર્તા કોના માટે લખાયી ? અને આજ શું થયું તે ?

એક પેપર ! માટે લખાયેલી ત્હારી દયાથી આજ પ્રગટ થાય છે ! તો ! કહે ! કહે ? નાથ તુને હું શું અર્પણ કરૂં ?

વધારામા માગુ ?

દીનાનાથ આનાથી પણ સારા પુસ્તકો લખી મને મારા ગુજ-રાતી બાંધવોની સેવા કરવા મારી અભીલાષ પુર્ણ નહી કરે ? બાળ-કની તો બધી બહુ બહુ ઇચ્છા હોય ! તે પિતા પુરી ન કરે તો કોણ કરે ?

પ્રભુ ફરીથી તારા ચરણ કમળમા મસ્તક નમાવી તને સતકોટી વંદન કરી વિરમું છું.

ખાડીયા ગોલવાડ
**અમદાવાદ.**

લી. ત્હારો ચરણરજ
**"પ્રહ્લાદ" દામોદરદાસ**
બ્રહ્મભટ્ટ.

તા. ક. આ પુસ્તકના તમામ હક્ક જાણીતા બુકસેલર અને પ્રકાશક શ્રીયુત રણછોડલાલ મોતીલાલ શાહને અર્પણ કરૂં છું—

પ્રહલાદ દામોદરદાસ

ભક્તશીરોમણી પાનાં ૨૫૬ કી. ૦-૧૦-૦
પવિત્ર લીલાવતી (હરીગીતમાં) ૦-૬-૦
સતી તારામતિ ,, ૦-૧૦-૦
કોણ ચાલાક ? ૦-૧૦-૦
સદેવંત સાવળીંગા ૦-૧૦-૦
ન્યુ ખુબસુરત ગાયનમાળા સચિત્ર ૦-૮-૦
મોટી ન્યુ ખુબસુરત ગાયનમાળા ૦-૧૨-૦
વિજયા વિજય ૦-૧૦-૦
સુદામાજી સચીત્ર ૦-૧૦-૦

દયાની દેવી સચીત્ર ૦—૬-૦
નળ દમયંતી સચિત્ર ૦-૧૦-૦
પંચીકરણ ગુજરાતી ૧-૮-૦
શુદ્ધ કાવ્ય દોહન કી. ૧-૮-૦
સાચો સવાશેર ૦-૮-૦
સંત સમાજ ભજનાવલી સચીત્ર કી. ૧-૦-૦
બત્રીસ પુતળી મોટી પાકું પુંઠું સચિત્ર ૩-૦-૦
"શોભના" સચીત્ર ૦-૬-૦
રણછોડ લીલા ભાગ ૧-૨ સચીત્ર દરેકના ૦-૬-૦

ગજરામારૂ, ગુલબકાવળી, અગરસકસ્તુરી, સુંદરકામદાર દરેક સચિત્ર કી. ૦-૮-૦

## પુસ્તકો વેચનાર વ્યાપારીઓને સુચના.

હાલમા અમોએ સારા, સસ્તાં ને સચિત્ર પુસ્તકો બહાર પાડ્યાં છે. નવાં નવાં સચિત્ર તેજદાર પુસ્તકો બહાર પડતાં જાય છે. આપ આપનુ નામ નોંધાવશો તો છપાતાં નવાં પુસ્તકો જણાવતાં રહીશું.

### ગામેગામ એજન્ટ જોઇએ છે.

તમો બીજો વ્યાપાર કરતા હો તેની સાથે વીસ પચીસ રૂપીયાના અમારા સારા સસ્તા ને સચિત્ર પુસ્તકો રાખશો તો ટુકી મુડીમાં ઘણો સારો નફો મેળવી શકશો

ઉપરનાં તમામ પુસ્તકો તથા બીજા દરેક પુસ્તક મળવાનું સ્થળઃ—

## બુકસેલર રણછોડલાલ મોતીલાલ શાહ.

રીચીરોડ—અમદાવાદ.

(વાંચો) સચિત્ર.

# અર્જુન દેવ

કી. રૂ. ૦-૮-૦

(વાંચો) સચિત્ર કોણ માલક ? કી ૦-૮-૦



(વાંચો) સચિત્ર પાપનું પડીકું કી. ૦-૧૦-૦

બુકસેલર રણછોડલાલ મોતીલાલ રીચીરોડ—અમદાવાદ.